# અધ્યાત્મ



વર્ષ : ૧૩ મે–૧૯૯૨ અંક : ૮

## * ભક્ત અને ભગવાન *

સાચો ભક્ત હમેશાં ભગવાનની અંદર જ રમણ કરે છે. તે તૃપ્ત પણ તેમાં જ થાય. સંસારના કોઈ પદાર્થથી તેને સંતોષ ના વળે. તે વાત પણ ભગવાનની જ કહે. ભગવાનના પ્રેમી જોડે જ વાત કરે. તેનું ચિત્ત ભગવાનના ચિત્ત સાથે એક થયું હોય એટલે ભગવાન જેવું થયું હોય. તેમાં સંસારી વાસના ના હોય. પ્રભુનો પ્રેમ જ હોય. તેનો પ્રાણ પ્રભુના પ્રેમથી જ પોષાતો હોય. તેમાં જ સ્નાન કરતો હોય. માછલીને જલ બહાર કાઢો. જીવી શકે? ભક્તની સ્થિતિ પણ તેવી હોય. ભગવાનની પ્રેમભક્તિની બહાર તે તરફડીને મરી જાય. શ્વાસે શ્વાસે તે પ્રભુનું જ સ્મરણ કરતો હોય. આ સાચી ભક્તિ કહેવાય.

ગોપીઓ આવી જ હતી. શબરી આવી જ હતી. મીરાં પણ હતી તો મહારાણી પણ તે ય આ જ રહસ્યની દીક્ષા લેનારી તપસ્વિની હતી. પ્રહ્લાદ પણ આ જ ભાવનો નમૂનો છે. એવી ભક્તિ આપણામાં પ્રકટે ત્યારે ધન્ય થવાય. ત્યારે ભગવાન આપણો ને આપણે ભગવાનના બની રહીએ. એટલે સારી વાત તો એ છે કે ભગવાનની ભક્તિ વધારવી ને તેને માટે ભગવાનને પ્રાર્થના કરવી. આપણે જો ભગવાનનો જરા પણ પ્રેમ વધારશું તો ભગવાન અનેકગણો વધારશે.

**યોગેશ્વરજી**

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨–૦૦ વાર્ષિક લવાજમ,દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ.જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી.શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ'પ્લોટ નં.૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ.જાની.ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે.અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- **ગ્રાહકોને** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે.કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું.સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધછે.
- દર મહિનાની તા.૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા.૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | ૪ |
| અંબાજીની ધ્યાન–સાધના શિબિર | તંત્રી | ૧૨ |
| કેનેડાનાં બાળસાધકોના પ્રતિભાવો | — | ૧૯ |
| મુજને ભાગ્ય મળે | દક્ષેશ કોન્ટ્રેક્ટર | ૨૩ |
| વહી જશે | ડો. રણજિત પટેલ (અનામી) | ૨૪ |
| વિભુ ઝલક | મધુરમ્ | ૨૫ |
| દર્શન તારાં | મહેન્દ્ર પંડયા | ૨૬ |
| રચાયું એક વૃંદાવન | ગોરધનભાઇ કલોલા (કલ્યાણ) | ૨૭ |
| કબીર–સુધા | પરમાર્થી | ૩૭ |
| સત્સંગ | કમલ સુથાર | ૪૪ |
| દશરથાચલનું આરોહણ–૧ | ડો. હરેન્દ્ર બી. સુરતીયા | ૪૬ |
| મનના દોષ–વિભાજન | યોગેન્દ્ર પરીખ | ૫૩ |
| પ્રત્યાહાર | મણિભાઇ શાહ | ૫૮ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |


## આવકાર્ય અને અનુકરણીય

'અધ્યાત્મ' માસિકના મે, ૧૯૯૨ ના પ્રકાશનનો બધો ખર્ચ, કેનેડાના ટોરેન્ટો શહેરમાં આવેલ મહાત્મ યોગેશ્વર ધ્યાન-કેન્દ્ર તરફથી તે કેન્દ્રની સ્થાપના દશાબ્દી વર્ષ નિમિત્તે આપવામાં આવેલ છે. તે બદલ ત્યાંનાં સહુ સાધક ભાઇબહેનોને ખૂબ ખૂબ અભિનંદન. તેઓનું આવું પગલું અન્યોને માટે આવકારદાયક ને અનુકરણીય છે.

– તંત્રી (અધ્યાત્મ)

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો
—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૩ મે–૧૯૯૨ અંક : ૮

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

તા. ૬–૧૨–૮૦, શનિવાર, સ્થળ : 'પ્રયાગ', ૨, નરસિંહનગર
નારણપૂરા ચાર રસ્તા, અમદાવાદ

નિયમ પ્રમાણે કાર્ય ચાલ્યાં કરે છે. સાડા અગિયારે ખબર મળી કે વડોદરા અને ભાવનગરથી મુલાકાતીઓ આવ્યા છે. પ્રથમ તો પૂ. શ્રી નારાજી બતાવે છે, પછી વળી મુલાકાતીઓને આવવા દે છે.

વડોદરાના એક ભાઈ આવે છે જેનો પત્ર ગઈકાલે જ અમને મળ્યો હતો, સંસારની રીતે દુઃખી છે. પૂ. શ્રીને તે ભાઈ પ્રણામ કરે છે. પૂ. શ્રી તે ભાઈને નીચે મુજબની વાતો કરે છે :

"એકલા રહેવામાં જ સુખ છે. માનવને એકલા પાડીને ઈશ્વર સુખી કરવા માગે છે. જ્યારે માનવ બેકલા થઈને દુઃખી થવા માગે છે."



"એકલા રહીને આનંદ કરો; ભજન કરો; મનને સમજાવો, કોઈ કોઈનું નથી. સમજે તો સુખી થાય, સમજાવે એટલે મન સમજી જાય."

"લાંબા કાગળો લખવાનો શો અર્થ છે? ટૂંકા કાગળો જ વાંચનારને સુગમ પડે. મુદ્દાઓ સમજાય છે. જેથી પત્રો ટૂંકા લખવાની ટેવ પાડો."

"જગતમાં કોઈ કોઈની સાથે રહી શકતું નથી." જેની સાથે રહેવાનું છે તેની સાથે રહેતા નથી. સંસારમાં ગાંડા ગુંદરની જેમ ચોંટીને રહો તોપણ કાળદેવ તે ગુંદરને પણ કાઢી નાંખે છે. પ્રભુ સાથે રહેતાં શીખો, વાતો કરતાં, ફરતાં શીખો. સુખી થાઓ, આનંદ કરો.

તમારી સ્ત્રીને મનાવવામાં જેટલો સમય ગાળો છો, તેટલો જ સમય પ્રભુને મનાવવામાં કાઢો તો જીવન ધન્ય બની જશે. કળિયુગમાં સ્ત્રીઓ કોઈનું માનતી જ નથી. વગેરે....

ત્યારબાદ ભાવનગરથી આવેલ બે નાનકડા સાધકોની રહેવા જમવાની વ્યવસ્થા અંગે પૂછે છે. સમય પૂરો થતાં સૌ વિદાય લે છે. પૂ. શ્રી મગભાતની રસોઈ આજે યજમાનને ત્યાં બની છે તે લે છે. ભોજન બાદ ટામેટાનો સૂપ ને દહીંની લસ્સી આજકાલ લે છે.

થોડા આરામ બાદ આજે ૩ વાગ્યે અમે મણિનગર જઈએ છીએ, ત્યાં પૂ. શ્રી માતાજીની, યાત્રાની તથા કાન્તિભાઈના દિલાવર દિલની વાતો કરે છે. છ વાગ્યે ફરી ઉતારા પર આવી જઈએ છીએ.

સાત વાગ્યે પ્રવચન શરૂ થાય છે. આજે તુલસીદાસ,

અંગુલિમાલ, ખોડિયાર માતાના મંદિરમાં પૂજારીનો પ્રસંગ વિ. કહી નિરાકાર ને સાકાર માર્ગની ચર્ચા થઇ. નિરાકાર કઠિન છે એ માન્યતા ઉપર પ્રહાર કરતાં કહ્યું : પ્રમાણમાં તે સહેલો છે. માતાજીની ઉચ્ચ અવસ્થાનું વર્ણન કર્યું.

સત્સંગ બાદ શ્રી જીતુભાઇ, કુંદનબેન વડોદરાથી આવ્યાં છે, એટલે તેમને આજે જતાં આવતાં બંને સમય પૂ. શ્રીની ગાડીમાં જ બેસવાનું મળે છે.

રાત્રે કણકી ને દૂધનું ભોજન લઇ પૂ. શ્રી આરામ કરે છે.

**તા. ૭–૧૨–૮૦, રવિવાર, સ્થળ : એ જ**

દરરોજની જેમ ક્રમ પ્રમાણે દરેક કાર્યો થયાં. સાડા અગિયારે આજે આણંદથી મહાલતાબેનનો પરિવાર તથા બાજીપુરાથી ઇલાબેન, બચુભાઇ વગેરે આવ્યાં. આજે સરોડાના સંબંધી આવ્યા હોવાથી પૂ. શ્રીએ માતાજીની માંદગી ને શ્રાદ્ધક્રિયાની વાતો કરી. તુલસીદાસ ને રત્નાવલિની વાતો થઇ.

ભોજન બાદ આરામ. સાંજે ૫.૩૦ થી ૬.૧૫ બહારગામના મુલાકાતીઓ મળવા આવ્યા. બંને બેનો પાસે ભજન ગવડાવ્યું. સમય થઇ ગયો.

આજના પ્રવચનમાં પૂ. શ્રી પોતાનો અમેરિકાનો અનુભવ વર્ણવે છે. સાધકમાં શ્રદ્ધા જરૂરી છે એ વાત પર પૂ. શ્રી ભાર મૂકે છે.

કણકી ને દૂધના ભોજન બાદ આરામ.

**તા. ૮–૧૨–૮૦, સોમવાર, સ્થળ : એ જ**

નિત્યકર્મ પ્રમાણે દૂધ બાદ પૂ. શ્રી લેખનકાર્ય કરે છે સાડા



અગિયારે મુલાકાતીઓથી ઓરડો ભરાઇ જાય છે. સ્વામીનારાયણ સંપ્રદાયની 'ગુણાતીત જ્યોત' સંસ્થા આણંદમાં છે તેની વાત નીકળે છે.

સ્વામીનારાયણ સંપ્રદાયમાં સ્ત્રીઓ દીક્ષા ન લઇ શકે, એટલે ગુણાતીત જ્યોત–જે બેનોની જ સંસ્થા છે તેમાં વિરોધો છે, એવા એક ભાઇના મંતવ્ય ઉપર પૂ. શ્રી કહે છે :

"શ્રીજી મહારાજે સ્ત્રી સાધ્વી ન થઇ શકે એવું ક્યાંયે કહ્યું નથી. શિક્ષાપત્રિમાં એવો કોઇ ઉલ્લેખ નથી. સ્ત્રીઓ એ પંથે ન જઇ શકે એવું થોડું છે? કાઠી દરબારોના એ જમાનામાં લાડુબા ને જીવુબા–દાદા ખાચરની બહેનો શ્રીજી મહારાજની સેવામાં રહેતી.

તુલસીદાસને તુલસી બનાવનાર રત્નાવલિ કેટલી મહાન સ્ત્રી! ચૈતન્ય મહાપ્રભુને પણ આંટી ખવડાવે એવું તપ કરનાર વિષ્ણુપ્રિયાને લોકો યાદ કરતા નથી. મહાપુરુષોને મહાપુરુષ બનાવનાર સ્ત્રી જ છે, છતાં જગન્નાથપૂરીથી વિષ્ણુપ્રિયાને મળવા પણ ન ગયા. એ રીતે રત્નાવલિ, તુલસીદાસને મળવા આવી પણ તુલસીદાસને સમાજનો ડર લાગ્યો. ન મળ્યા! કેવો જમાનો હતો!"

આવી સુંદર રસપ્રદ ચર્ચા બાદ ભોજન લીધું. ભોજનમાં આજે મગ, ભાત, ટામેટાનું સૂપ, છાશ લીધી.

આજે બપોરે ૨.૩૦ વાગ્યે આકાશવાણી ઉપર પૂ. શ્રી વાર્તાલાપ આપવા ગયા. વરસોથી પૂ. શ્રી રેડિયો વાર્તાલાપ આપે છે. ત્યાંના અધિકારી શ્રી લલિતશાસ્ત્રીએ પૂ. શ્રી સાથે ખૂબ આદરભાવથી ને પ્રેમથી વાતો કરી.

આજથી સાધકોને સાંજની મુલાકાતનો સમય મળ્યો છે, જેથી સાડા પાંચે ૧૦–૧૨ બેનો ને ૧૦–૧૨ ભાઈઓ આવી રહ્યાં છે. સૌ પ્રણામ કરી બેઠાં છે. પૂ. શ્રી કોઈને કંઈ પૂછવું હોય તો પૂછો એવું સૂચન કરે છે. શ્રી મણિભાઈ નાયક પ્રશ્ન પૂછે છે.

**પ્રશ્ન:**–મેં 'પ્રકાશના પંથે' વાંચ્યું ત્યારે જ ખબર પડી કે મહાનવિભૂતિ આપણી વચ્ચે જ છે. સૂરત પ્રકાશક સંસ્થા પર પત્ર લખ્યો, ક્યાં છે તે જાણવા. ત્યાં જ ગુજરાત સમાચારમાં પ્રવચનોની જાહેરાત આવી, અને પ્રવચનનો લાભ મળ્યો. તમારું બ્રહ્મસૂત્ર પણ વાંચ્યું. આજસુધી કેટલાયે ગ્રંથો વાંચ્યા પણ તમારા જેવું લખાણ ક્યાંયે ન વાંચ્યું. ગ્રંથ સુંદર છે.

હવે મારી વાત કરું. હું ૫૦ વરસથી પૂજા કરું છું. જપ કરવા જોઈએ એવું સ્વામી નિત્યાનંદના સ્થાનની ગણેશપૂરીની મુલાકાત લીધી ત્યારથી સમજાયું. પૂ. નિત્યાનંદજીને જ ગુરુ માન્યા. જપ, ધ્યાન કરું છું.

મારે દરરોજ પૂજામાં ચાર કલાક ચાલ્યા જાય છે. પૂજા, સ્તોત્રો, સ્તુતિ બધું કરું છું. શિવલિંગ, રામ, કૃષ્ણ, સાઈબાબા, માતાજી, બધા જ દેવોની પૂજા કરું છું. તો ધ્યાનજપમાં સમય રહેતો નથી. શું કરું?

**પૂ. શ્રી:**–તમને માતાજીમાં વધુ શ્રદ્ધા છે તો તમે એમના જ જપ વધારે કરો. બીજા સર્વ દેવોને પાંચ જ મિનિટમાં એક એક પુષ્પ ચઢાવી, પ્રણામ કરી પૂજા પૂર્ણ કરો. એકને જ વધારે જપો.

બધી સ્તુતિ, પાઠો, સ્તોત્રો, આદ્યશક્તિને જ સંભળાવો. એ બધા જ દેવો પાસે માંગો કે મને આદ્યશક્તિમાં જ શ્રદ્ધા વધે એવા આશીર્વાદ આપો.



**શ્રી મણિભાઈ:**–અમારા નવા ઘરમાં એક સંન્યાસીનાં પગલાં પડાવ્યાં. સંન્યાસી પોતાના પુત્રની અનુચિત માંગણીથી ગુસ્સે થઈ ગયા. ખૂબ મનાવ્યા અને એ પ્રસંગ પછી મને ખૂબ ખૂબ વિપત્તિઓ જીવનમાં ચાલુ જ રહી છે. તો શું કરું?

**પૂ. શ્રી:**–એવા સિદ્ધ મહાત્માઓ જ ક્યાં છે જેના ક્રોધથી બોલાયેલાં વચનો આપણને નુકસાન કરે? ૧૦૦ માં ૯૫ ટકા મહાત્માઓ સામાન્ય છે. ૫ ટકા સાચા હશે. ગુસ્સો જેણે કર્યો તેને નુકસાન છે. તમને શું છે? એવું ન માનો. આપણાં કર્મો સિવાય કોઈ આપણને દુઃખી કે સુખી કરી શકતું નથી.

અને તમે જેને ગુરુ માન્યા છે, તે નિત્યાનંદજીને જ ગુરુ માનો. એના જેવા સમર્થ પુરુષ બીજા કોઈ ન મળે.

**શ્રી મણિભાઈ:**–મેં તો ગુરુ તરીકે નિત્યાનંદજીને માન્યા છે, પણ તેમણે મને સ્વીકાર્યો હશે કે કેમ?

**પૂ. શ્રી:**–ગુરુ તમને માને છે કે નહીં તે મહત્ત્વનું નથી. તમે માનો છો કે કેમ તે જ મહત્ત્વનું છે. એકલવ્યે ગુરુને માન્યા, તેમ તમે પણ માનો, તમને લાભ જ થશે.

**શ્રી મણિભાઈ:**–આપણા ભાગ્યમાં લખાયું હોય તો જ ભક્તિ થાય ને? ન લખાયું હોય તો કેવી રીતે થાય?

**પૂ. શ્રી:**–ભાગ્યમાં ભક્તિ લખાયેલી જ છે—એમ માનો. તમને થોડો પણ ધર્મમાં રસ છે. સત્સંગ, સંતસમાગમની ઈચ્છા થાય છે તો કંઈક લખાયું તો છે જ ને? એમ જ માનો ને સત્સંગ કરો.

**એક ભાઈ:**–હું ૫૦ વરસથી ધ્યાન–જપ કરું છું. મેં રામકૃષ્ણદેવથી જ શરૂઆત કરેલી. હવે તમે જ ગુરુ છો, તમારી

પાસે બીજું કંઇ કહેવું નથી, મને ખૂબ શાંતિ છે. કોઇ વિપત્તિ નથી. તમારી વિશેષ કૃપા જ ઝંખું છું.

**પૂ. શ્રીઃ**–નિયમિત ધ્યાનમાં બેસો. અનુભવો જ્યાં થાય ત્યાં શાંતિ આપોઆપ આવી જ જાય, પછી કોઇ પ્રશ્નો ન રહે.

**શ્રી વિજયભાઇઃ**–મારી સાથે આ ભાઇ આવ્યા છે. તેમને લગ્ન નથી કરવું. તો તમે શો અભિપ્રાય આપો છો?

**પૂ. શ્રીઃ**–"જુઓ, લગ્ન કોણે નથી કરવું તે જ બોલે. શા માટે નથી કરવું તે વિચાર્યું છે? પ્રથમ તે નક્કી કરી લો. કેટલાંક લગ્ન નથી કરતાં કારણ ભય લાગતો હોય છે, દુઃખી થઇશું એવી ગણત્રી હોય, પગાર ટુંકો હોય દેવું કરવું પડશે. એમ માને. સારું પાત્ર ન મળતું હોય તો પણ."

"તમને ખાત્રી હોય કે પવિત્ર જીવન જીવવું છે. ગમે તે કહે ને ગમે તે થાય પણ સમય બધો પ્રભુ પાછળ જ ગાળવો છે. એવું દૃઢ રીતે નક્કી કર્યું હોય તે ટકી શકે."

"માનવ એક ઇન્દ્રિયને વશ નથી કરી શકતો તેથી આખી જીંદગી લગ્ન કરી ગુલામીખત લખી આપે છે. દરેકે નિર્ણય પોતે કરવાના છે. મારી સલાહ ન કામ આવે. શેઠની શિખામણ ઝાંપા સુધી. પોતે જ પોતાનું માપ પોતે જ કાઢવાનું ને તે પ્રમાણે વિચારી નિર્ણયો લેવા.

પણ આ ભાઇનો સ્વભાવ મા–બાપ આગળ નમી પડવાનો છે. એટલે એ લગ્ન કરશે જ ને પછી લગ્નનો ચસ્કો પણ લાગે છે જ.

**શ્રી મણિભાઇઃ**–પુરુષોના સત્કર્મમાં સ્ત્રીઓને ભાગ મળે ખરો?



**પૂ. શ્રીઃ**–જે ખાય તેનું જ પેટ ભરાય. જપ સ્ત્રીએ પણ કરવા જ જોઇએ. સ્ત્રીઓ પણ જપ તપ કરે તો ઘરમાં બાળકો ઉપર સંસ્કારો પડે. પવિત્ર વાતાવરણ રહે. ફક્ત સ્ત્રી રોટલા ખવડાવવાવાળી જ છે એવું થોડું છે! એને પણ પોતાનું કલ્યાણ કરવાનું છે.

આજે સત્સંગમાં કપૂરાથી આશા અને નિવેદિતા પણ આવ્યાં હતાં. સત્સંગ બાદ પ્રવચનમાં ગયાં.

આજે પ્રવચનમાં પૂ. શ્રીએ જગતમાં સ્ત્રી, પુરુષ, પતિ, પત્ની ને બાળકોમાં પ્રભુની ઝાંખી કરો એ વાત ઉપર ભાર મૂક્યો. વળી બાણભટ્ટ અને અવધૂત મહાત્માની વાત કરી.

પ્રવચન બાદ ભોજન પછી આરામ હરિઃ ૐ

( ક્રમશઃ )

### સદ્ભાવભરી સહાય

એપ્રિલ, ૯૨ ના માસ દરમ્યાન અધ્યાત્મના વાંચકો અને શુભેચ્છકો તરફથી સદ્ભાવભરી સહાયની કુલ રકમ રૂા. ૧૨૯૯ મળી છે. આ ઉપરાંત કલ્યાણ પ્રાર્થના મંડળ રગ્બી (યુ. કે.) તરફથી જે રૂા. ૯૫૦૩ ની સહાય મળી છે, તે અધ્યાત્મના જુલાઇ, ૯૨ ના અંકની પ્રસિદ્ધિના ખર્ચ પેટે લઇ લેવાશે, જેની નોંધ લેવા વિનંતિ.

સહાય આપનાર સહુને અભિનંદન અને હૃદયપૂર્વકની શુભેચ્છાઓ.

— તંત્રી

### પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના સાન્નિધ્યમાં

# અંબાજીની ધ્યાન–સાધના શિબિર

તંત્રી

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના સાન્નિધ્યમાં શક્તિક્ષેત્રે એવા અંબાજીના સ્વર્ગારોહણમાં તા. ૧૮ માર્ચથી ૨૨ માર્ચ, ૯૨ ના પાંચ દિવસોની ધ્યાનસાધના શિબિર યોજાઇ. શિબિરનું આયોજન સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટે કર્યું. શિબિરાર્થીઓમાં કુલ ૪૫૦ જેટલાં સાધક ભાઇબહેનોએ ભાગ લીધો; તેમાં ઉલ્લેખનીય હકીકત એ રહી કે અમેરિકા, ઇંગ્લેન્ડ અને કેનેડાનાં લગભગ ૨૫ જેટલાં ભાઇબહેનો, તેમ જ હરિદ્વાર અને દેહરાદૂનનાં સાતેક ભાઇ-બહેનોએ પહેલીજ વાર હાજરી આપી. વળી આ શિબિરમાં યુવાન ભાઇબહેનોની વિશેષ સંખ્યા ખાસ ધ્યાન ખેંચતી હતી.

વહેલી સવારે ૬ વાગે અર્ધા કલાકની ધ્યાનની પ્રથમ બેઠક થતી. નૈસર્ગિક વાતાવરણની પ્રાતઃકાળની શાન્તિ મનને સહજરીતે એકાગ્ર થવામાં મદદરૂપ થતી. તેમાં પૂ. માની પવિત્ર ઉપસ્થિતિ સાધકોને સહાયરૂપ થતી. પૂ. મા કહેતાં કે આજનો માનવી ધ્યાન તો કરે છે, પરંતુ તેના વિષયો ધન, સ્ત્રી, સંતાન કે પદ, પ્રતિષ્ઠા જેવા ભૌતિક છે. તેને બદલે આપણે પ્રભુ સાથે મનને જોડવાનું છે. તેઓ વિશેષમાં કહેતાં કે ધ્યાન સાથે પ્રાર્થનાને જોડો. ધ્યાન દ્વારા આપણે પ્રભુ સાથે મૈત્રી બાંધવાની છે. પ્રેમના પોકારો સહજ રીતે પ્રભુને પહોંચતા રહે છે. પ્રભુ મારી સામે જ બેઠા છે અને મારી વાત સાંભળવા ઉત્સુક છે એવો વિશ્વાસ રાખો. ક્ષમા



માગનાર જીવ ઉપર પ્રભુ કૃપા કરતા રહે છે.

જપ પ્રાર્થના તેમ જ આત્મચિંતન સાથે ધ્યાન કરી શકાય. પ્રભુ કે ગુરુનું સ્વરૂપ સામે રાખી તેને ખુલ્લી આંખે જોતાં જોતાં પણ ધ્યાન થઇ શકે.

ધ્યાન પછી પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીને એકસો પચ્ચીસ પ્રણામ કરવાનો સરસ કાર્યક્રમ રહેતો. પૂ. મા રચિત શ્રી યોગેશ્વર સ્તવનમાળાના મધુર ગાન સાથે પૂ. મા સર્વેશ્વરી સાથે સર્વે સાધક ભાઇબહેનો આ પ્રણામ કરતા. "સરોડાનંદન શ્રી ગોપાલ, હે યોગેશ્વર કરું પ્રણામ"ના મંગલ પ્રારંભથી આખું વાતાવરણ પૂ. ગુરુદેવના ગુણસંકીર્તનના સ્વરોથી ભરાઇ જતું. તાલબદ્ધ રીતે સમૂહમાં કરાતા આ પ્રણામો એક અદ્ભુત દૃશ્ય ખડું કરતા. અતિ વૃદ્ધ કે શારીરિક અશક્તિવાળાંઓ સિવાય નાનામોટા સહુ ભાઇ-બહેનો એમાં ઉત્સાહથી જોડાતાં. શારીરિક વ્યાયામ સાથેની આ ભક્તિનો કાર્યક્રમ સાધકોમાં નવી ચેતના પૂરતો.

પ. પૂ. યોગેશ્વરજીનાં ભક્તિયોગ પરનાં ટેપ–પ્રવચનો પણ સમગ્ર સાધકોને તેઓશ્રીની વાણી દ્વારા ઉપસ્થિતિની પ્રતીતિ કરાવી જતાં. કેવી સરળ ભાષામાં સાચા ભક્તનાં લક્ષણો તેઓએ બતાવ્યાં છે! તેઓએ કહ્યું છે કે સાચા ભક્તનાં લક્ષણો કેવાં હોવાં જોઇએ તે ભગવદ્. ગીતામાં અનેક ઠેકાણે ભગવાન શ્રીકૃષ્ણે વિશદ છણાવટથી સમજાવ્યું છે. વસ્ત્ર બદલવાથી, કપાળમાં ત્રિપુંડ ધારણ કરી, ગળામાં માળાઓ પહેરવાથી, પુષ્પના હાર અને પ્રસાદો ધરાવવાથી કોઇ સાચો ભક્ત બની જતો નથી. ગીતાના મત પ્રમાણે અપેક્ષા–રહિત, પવિત્ર, પ્રવીણ, ઉદાસીન, દુઃખરહિત, પ્રવૃત્તિઓના ઉધામા વિનાનો, પ્રાણીમાત્રનો હિતચિંતક, નિંદાસ્તુતિ

સ્થિર રહેનાર માનવ સાચો ભક્ત છે.

શિબિર દરમ્યાન જુદા જુદા વક્તાઓએ પૂ. શ્રી યોગેશ્વરજી અને પૂ. મા વિષે જે વક્તવ્યો આપ્યાં તેનો સારભાગ કંઇક અંશે આ પ્રમાણે હતોઃ—

શ્રી ઈશ્વરભાઇ ભક્તે (પરમાર્થીએ) સદ્‌ગુરુ લીલામૃતને સંસ્કારવાનું કામ પોતાને સોંપાયું તે તેઓને ઉપયોગી થયું. તેનાથી આધ્યાત્મિક અનુભૂતિઓને સમજવાની નવી દૃષ્ટિ મળી.

શ્રી યોગેશ્વર લીલામૃતમાં એક જ પાત્ર છે છતાં એકવિધતા નથી લાગતી. એમાં વાંચકનો રસ એક સરખો જળવાઇ રહે છે સાચી સાહિત્યની કૃતિ જીવનથી ભિન્ન હોઇ શકતી નથી. પૂ. માના હૃદયમાં મૌન દરમ્યાન જે ભક્તિભાવનો ઉત્કટ પ્રવાહ ઉદ્‌ભવ્યો તેમાંથી એનું સર્જન થયું છે. પૂ. માએ ગુરુદેવ શ્રી યોગેશ્વરજીને અનેક ભાવે ભજ્યા છે. એમની રગેરગમાં પૂ. શ્રી પ્રત્યેનો ભક્તિભાવ વ્યાપી ગયેલો છે. શ્રી યોગેશ્વરજી દિવંગત છે, છતાં તેઓને પ્રત્યક્ષ રીતે અનુભવવાની તેમની સાધના ખરે જ અનોખી છે. સામાન્ય માણસની કલ્પનામાં પણ ન આવે તેવી આ વાત છે.

આ ગ્રંથના વાંચન—અધ્યયનથી માણસને લાભ જ થશે, એથી એ ગ્રંથને હું વંદન કરું છું.

શ્રી હર્ષદભાઇ તલાટીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે પૂ. શ્રી યોગેશ્વરજીનું ૧૯૭૮ માં મિલન થયું તે પહેલાં દારૂ, માંસાહાર ને કંકાસથી ભરેલું અમારું જીવન હતું. પૂ. શ્રીની સાદાઇ ને સરલતા મને ગમતી. અમે દુર્ગુણોના ભંડાર હોવા છતાં અમારી કદી તેઓએ ઉપેક્ષા કરી નહિ. ઊલટું પ્રેમથી અમને સમજાવતા.



અમને તેઓએ પશુમાંથી માનવ બનાવ્યા છે. અને હવે અમારી માનવમાંથી ઉચ્ચ અને આદર્શ માનવ બનવાની મથામણ ચાલી રહી છે.

ભૂતકાળમાં અમે શું હતા, તે ગૌણ છે. પરંતુ અત્યારે અમારું વર્તમાન જીવન કેવું છે તે મહત્ત્વનું છે.

મારાં પત્ની અંજુને બ્રેસ્ટ કેન્સર થયેલું પરંતુ પૂ. મા સર્વેશ્વરી તેમ જ પૂ. ઠાકુર અને મા શારદાદેવીની કૃપાથી તે બચ્યાં છે. પ્રભુ તેમની એ શ્રદ્ધાભક્તિ સાચવે એવી પ્રાર્થના છે.

પૂ. શ્રીની પાદુકા મેળવવાની ઇચ્છા અંગે વાત કરતાં તેઓએ કહ્યું : એકવાર મને તે ચોરી લેવાનો વિચાર આવેલો. પરંતુ પૂ. શ્રીએ મારા ઉપર કૃપા કરી. હું જે મોજડી લાવેલો તે પહેરીને પાછી આપી, જેનાથી મારી કાયાપલટ થઇ.

મારાં બંને બાળકો પણ હવે પૂ. માનાં અનન્ય ભક્ત બન્યાં છે. પરિણામે તેઓ પરદેશના દૂષિત વાતાવરણથી બચ્યાં છે, તે મોટી વાત છે.

શ્રી યોગેશભાઇ લાડે જણાવ્યું કે કેનેડામાં પૂ. માએ બાળકોનો જે પ્રેમ સંપાદન કર્યો છે તે આશ્ચર્ય પમાડે તેવો છે. પૂ. મા બાળકોને ફ્લોરીડા લઇ ગયાં ને ગુજરાતી વાંચવામાં રસ લેતાં કર્યાં એટલું જ નહિ પણ તેમને નિયમિત પ્રાર્થના, જપ અને પ્રણામ કરતાં કર્યાં છે. આ શિબિરમાં છેક કેનેડાથી આવનાર શ્રી ધર્મેશ અને યોગેશ ત્યાંના બાળ સત્સંગ મંડળના સભ્યો છે.

ધર્મેશ મિસ્ત્રીએ શ્રી રામકૃષ્ણદેવના જીવનની વાતો અંગ્રેજીમાં કહી, જેનું ગુજરાતી શ્રી દક્ષેશભાઇ કોન્ટ્રેક્ટરે સંક્ષેપમાં કર્યું.

શ્રી યોગેશ લાડે પોતાના જીવનમાં પહેલી વાર ગુજરાતીમાં વક્તવ્ય આપ્યું. પૂ. માએ તેના જીવનમાં કેવું સારું પરિવર્તન આણ્યું છે, તેની વાતો કહી. પોતાની જેમ ટોરન્ટો ધ્યાન કેન્દ્રના બીજાં અનેક બાળકોને પૂ. માએ પ્રભુના માર્ગે વાળ્યાં છે. વ્યસનમુક્ત કર્યાં છે.

શિબિરના પ્રથમ દિવસે પૂ. યોગેશ્વરજીના અનુયાયી એવા સદ્‌ગત સાધકોને પૂ. માએ ખાસ યાદ કરેલા, જેમાં શ્રી ભાઈલાલ-ભાઈ છાટબાર (ભાવનગર) શ્રી ગોવિંદભાઈ ભૂત (કિશોદ) શ્રી બટુકભાઈ પૂજારા (મોરબી) તેમ જ શ્રી મીઠીબેન (રાજકોટ)નો સમાવેશ થતો હતો. સાધકોએ બે મિનિટનું ખાસ મૌન પાળી પ્રભુને તેઓ માટે પ્રાર્થના કરી.

શ્રી વિઠ્ઠલ પંડયાએ પૂ. શ્રી સાથેનાં સંસ્મરણો યાદ કરતાં કહ્યું કે તેઓ સાથે ગાળેલા દિવસો ખરે જ પર્વ બની જતા. તેઓશ્રીના પત્રો ખૂબ પ્રેરણારૂપ છે. પૂ. શ્રી ખૂબ વ્યાવહારિક અને પ્રેમાળ હતા. તેઓએ અનેકોને માર્ગદર્શન આપી તેમનાં જીવન સુધાર્યાં છે.

શ્રી છગનભાઈ અમીને કહ્યું : પૂ. શ્રીએ પોતાનાં પ્રવચનોદ્વારા માણસોની ધાર્મિક સમજ સુધારવાનું મહત્ત્વનું કામ કર્યું છે, સંત સમાજ તેઓના પ્રાકટ્યથી ઉજળો થયો છે.

શ્રી બાબુભાઈ વોરાએ પૂ. શ્રીની વ્યવહારકુશળતા અને પોતાની પસંદગી કેવી રીતે કરી તે જણાવી, પૂ. શ્રી આજે પણ કેવી સરસ રીતે રક્ષણ કરે છે, તે વાતો કહી હતી.

શ્રી ગોરધનભાઈ કલોલાએ જણાવ્યું : આવા પુરુષો વારંવાર



પાકતા નથી. આજના અંધકારમય યુગમાં માર્ગદર્શન આપવા જ પૂ. ગુરુદેવ પ્રકટ્યા હતા.

શ્રી દશરથભાઈ શાહે પોતાના સેવાના કાર્યોનો ઉલ્લેખ કરતાં કહ્યું : કેનેડામાં ગુજરાતી શાળા શરૂ કરવાનું સદ્‌ભાગ્ય મળ્યું. જીવન ચાલતું પણ તેમાં જીવ ન હતો. સેવાનાં બંધનો મનને નડે છે. પૂ. માના મિલનથી જીવનમાં નવી દૃષ્ટિ આવી છે. તેઓ હૃદયની ભાષા સમજે છે ને તેઓની કરુણામય દૃષ્ટિ સૂર્યનાં કૃપાકિરણોની યાદ અપાવે છે.

શ્રી શાન્તિભાઈ કનેરિયાએ કહ્યું : યોગેશ્વરજી જેવા સર્વ સદ્‌ગુણોના ભંડારસમા પુરુષ મેં બીજા જોયા નથી. એમની હરેક ક્રિયા ખૂબ અદ્‌ભુત લાગતી. તેઓશ્રી મનની વાત જાણી જતા અને સંઘર્ષના સમયે ફૂલ આપતા, જેથી અશાન્તિ મટી જતી.

શ્રી હીરાભાઈ પટેલે જણાવ્યું કે અવતારી પુરુષોની રાહ પૃથ્વીના માનવો જોતા જ હોય છે. મહાપુરુષો કૃપા કરીને આપણને તેઓની પાસે ખેંચી લે છે.

શ્રી સુશીલાબેન ભક્ત અને શ્રી બંસીભાઈના સૂરીલા કંઠે ગવાતાં પૂ. શ્રી અને પૂ. માનાં ભજનો સાધકોને મંત્રમુગ્ધ કરતાં. શ્રી શ્યામભાઈ ને તેઓના પુત્રો તબલાંનો સરસ સાથ આપી, એવી સરસ રંગત જમાવતા કે વાતાવરણ સંગીતમય બની જતું. રાતે રાસ ગરબા પણ થતાં. તેમાં સાધકો દિવસભરનો થાક ભૂલી, આનંદ ને મુક્ત મને ખીલી ઉઠતા.

પ્રકાશના પંથેની સ્પર્ધાત્મક હરિફાઈમાં ભાગ લેનારાઓને શ્રી રાજેન્દ્રભાઈ અને શ્રી અજયભાઈ જાની તરફથી ઇનામો આપવામાં આવ્યાં હતાં.

શ્રી હરિભાઈ ભોજાણી અને શ્રી દક્ષેશભાઈએ સરસ રીતે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

પ્રો. શ્રી શાન્તિભાઈ મહેતા અને શ્રી સી. કે. શાહે સાધકોને માર્ગદર્શન આપ્યું હતું. શ્રી કસ્તુરભાઈ પટેલ, શ્રી કુમુદચંદ્ર અને શ્રી મહેતા સાહેબે રસોડાની સેવાઓ સરસ રીતે સંભાળી હતી.

શ્રી બાલુભાઈ તેમ જ આદિવાસી બાળકોએ સફાઈ જાળવવામાં ઘણી મદદ કરી હતી. સવિતા–ગોવિંદ અને શક્તિભુવનના સંચાલકોનો સહકાર ખૂબ પ્રશસ્ય રહ્યો હતો.

શિબિર નિમિત્તે આદિવાસી બાળકોને દરરોજ પ્રસાદની વહેંચણી પણ કરવામાં આવતી. પૂ. માએ શ્રી બાલુભાઈની સેવાઓને ખાસ બીરદાવી હતી.

શ્રી યોગેશ્વર કૃપા

## સંદીપ વેલ્ડીંગ વર્કસ

**ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
**તેમજ**
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭.



પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી પ્રત્યેના

## * કેનેડાનાં બાળસાધકોના પ્રતિભાવો *

**My wonderful Father Prabhu & Sweet mother Maa,**

**Maa–Prabhu.**

When Maa and Prabhu left, I felt like a part of me left too. Everyday I think what Maa & Prabhu would be doing. Everyday. I feel like a flower is blooming in my heart. Some times I feel like both of you are just standing outside my door waiting for me to answer.

For my birthday, I haven't wished for clothes, toys or anything like that. I have wished a lot of wealth for this world and to spend a whole day and night with all Yogeshwar Dhyan Kendra kids with Maa and Pabhu.

**Mira Lad** (14 years)

---

When I Visited 'Satyapath' I was surprised to see the collections of Yogeshwarji's belongings. My pranam to Satyapath. Next I went to Saroda, the birthplace of the great Saint of India–Mahatma Yogeshwarji. Besides that I had the Satsang with the Baroda Dhyan Kendra. who welcomed me with open arms.

**Jigna & Jigar Talati** (13, 17 years)

Everytime I need help, you are always there. A couple of days ago when I had to do a speech in front of the whole school, I was very nervous. But I said Yogeshwar's name and Maa's name, I got a lot of courage. After I finished the speech, everybody said I won. Whenever I go, I don't have to worry because I know you are always with me. So everytime I think that I am alone, I know I am not.

**Chirag** (11 years)

---

Once upon a time,
There was a being,
Sri Yogeshwarji.

As his life progressed,
He walked through doors
and entered us.

For all who know,
How much he means,
There is a sense of
true peacefulness.

He is to me and you,
Sri Yogeshwarji.

**Reena Parikh** (17 years)



મને માની સાથે ખૂબ જ ગમે છે. ટોરન્ટોમાં માની વગર ખૂબ જ સૂનું લાગે છે. દરરોજ વિચારું છું કે ક્યારે મા પાછાં આવશે. પણ એ પ્રભુની ઈચ્છા છે. અમે જ્યારે ફ્લોરીડા ગયેલા ત્યારે મને માની સાથે ખૂબ જ મજા આવેલી. જ્યારે અમે ફ્લોરીડાથી પાછા આવેલા ત્યારે ખૂબ જ સૂનું લાગતું હતું. પણ થોડા મહિના પછીથી અમે માની સાથે Syracus બે વાર ગયા હતા. ત્યાં અમોએ સત્સંગ કર્યો હતો. રમતો રમેલા, ગરબા ગાયા, પણ જ્યારે પાછા જવાનું થયું ત્યારે મને ગમતું ન હતું. હું ખૂબ જ રડેલો. મને હજુ યાદ છે કે અમે જ્યારે નાયગ્રા ફોલ્સ પૂ. માની સાથે બસમાં ગયેલા ત્યારે બસમાં ખૂબ જ મજા આવી હતી. ત્યાં ગરબા કરેલા અને જ્યારે પાછા આવ્યા ત્યારે પૂ. મા અમારી સાથે બેસેલા અને શીરો ખવડાવ્યો હતો. મને માની સાથે મજા આવે છે. પૂ. માને હું નહીં ભૂલું.

**પ્રેમલ શાહ** (૧૦ વર્ષ)

---

મા, હું દરરોજ તમને યાદ કરું છું. મને તમારી જોડે ફોન પર વાત કરવાનું બહુ મન થાય છે. હું રોજ સવારે ભગવાનને પ્રણામ કરું છું. હું એવી પ્રાર્થના કરું છું કે ભગવાન તમને જલ્દીથી કેનેડા મોકલે અને અમને તમારા સત્સંગનો લાભ મળે. તમારા વગર બધું સૂનું લાગે છે. હું એવી આશા રાખું છું કે તમારી કૃપાથી મારે ભારત આવવાનું થાય. જેથી તમારી સાથે યાત્રાનો લાભ મળે. તમે ગંગાજી જવાના છો તે જાણીને મને પણ સાથે આવવાનું ખૂબ મન થાય છે.

મા, તમારી કૃપાથી સર્વેશ્વરી ધ્યાનકેન્દ્રનો સત્સંગ ધામધૂમથી ચાલે છે. બધાં બાળકોને ખૂબ જ આનંદ આવે છે. આ કાર્યક્રમ ચાલુ રાખીશું તો અમારા બધાના જીવન સુખી થશે. વર્ષગાંઠને

દિવસે ભગવાનનું નામ લેવાનું, પ. પૂ. મહાત્માજીની કેસેટ સાંભળવાની અને બધાં બાળકો સાથે આનંદ કરવાનો. મા, વર્ષગાંઠ ઉજવવાની આ સૌથી સારામાં સારી રીત છે. મા! અમે ઘણા ભાગ્યશાળી છીએ કે અમને તમારા જેવા સંત મળ્યા, જેણે અમને આવી પ્રેરણા આપી. મા તમારી તબિયત સારી હશે અને મહાત્માજી હંમેશા તમારી (તબિયતની) કાળજી રાખે તેવી પ્રાર્થના.

વિરલ (૧૭ વર્ષ)

---

પ્રણામ મા, તમારી તબિયત સારી હશે. તમે જલ્દી પાછા આવજો. મને એક સ્વપ્નું આવ્યું'તું. તમે ઈન્ડિયા જતા રહ્યા પણ તમને બધા બાળકો ખૂબ જ યાદ આવતા હતા. એટલે ત્રણ અઠવાડીયા પછી પાછા આવ્યા. હું નિયમિત ગુજરાતી વાંચુ છું. અને ૧૦૮ પ્રણામ કરું છું. તમારા આવતા પહેલા હું ગુજરાતી લખતા અને વાંચતા બરાબર શીખી જઈશ.

ભારવી (૮ વર્ષ)

---

સીરેક્સમાં શનિવારે જ્યારે ધ્યાનમાં બેઠા હતા કૃષ્ણ ભગવાન ત્યાં તમારી પાસે આવ્યા એટલે તમો ઉભા થઈ ગયા. પછી તમો અને કૃષ્ણ ભગવાન રાસ રમતા હતા અને પછી આપણું ધ્યાન પૂરું થયું. મને ખૂબ મજા આવી, હું દરરોજ સવારે ગીતાનો એક અધ્યાય કરું છું. સાંજે હું પ્રાર્થના બોલું છું અને પ્રભુની અને માની બાવની બોલું છું. મેં મારા રૂમમાં મંદિર પણ બનાવ્યું છે.

હે મા! તમારા વિના મને ગમતું નથી. અહીંયાં ખૂબ સૂનું લાગે છે. આપ કેનેડા જલ્દી આવો એવી પ્રભુને પ્રાર્થના કરું છું.

હેતલ (૧૪ વર્ષ)



# અધ્યાત્મને અપૂર્વ સહાયની જાહેરાત

અંબાજીની શિબિરમાં એક અતિ સુખદ ઘટના અધ્યાત્મ માસિક માટે એ બની કે અમેરિકાના સાધક ભાઈબહેનો તરફથી તેના પ્રકાશનના બે વર્ષોનો બધો ખર્ચ આપવાની જાહેરાત કરવામાં આવી. ટોરન્ટોના શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્રના પગલે તેઓએ પણ પ. પૂ. ગુરુદેવ તેમ જ પૂ. માના આ કાર્યને પોતાનું ગણી પ્રોત્સાહિત કરવાનો સંકલ્પ કર્યો. પૂ. મા શ્રી સર્વેશ્વરીની પ્રેરણા વિના આ શક્ય બન્યું ન હોત. આ શુભ કાર્યના સંકલ્પને મૂર્ત સ્વરૂપ આપવામાં શ્રી વિનોદભાઈ પટેલ, તેમ જ શ્રી ધનસુખલાલ ભક્તે પાયાનું કામ કર્યું. તેમ જ શ્રી ઈશ્વરભાઈ ભક્તના પરિવારે, શ્રી ભગવાનજીભાઈ ભક્તે, તેમ જ શ્રી ધીરૂભાઈ ભક્ત, અને બીજા અનેકોએ સહકાર આપી, મોટો ફાળો આપ્યો.

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીની શક્તિ કેવું અદ્ભુત કામ કરી રહી છે, તેનું દર્શન શિબિરાર્થીઓને થયું. સહુએ તેઓના આ શુભસંકલ્પને હર્ષોલ્લાસથી વધાવ્યો. અધ્યાત્મના તંત્રી તરીકે શ્રી નારાયણભાઈ જાનીએ આ કાર્યમાં સહાયક થનાર સહુને હૃદયપૂર્વક અભિનંદન આપ્યા.

દસ વર્ષ પૂર્વ પ. પૂ. શ્રી યોગેશ્વરજીએ અધ્યાત્મ માસિક માટે જે આગાહી કરેલી તે આમ અક્ષરશઃ સાચી પડી. સાચા સંતપુરુષોની વાણી કેવી અમોઘ હોય છે, તેનું દર્શન કરાવનારી આ ઘટના બની રહી.

તંત્રી

## * વહી જશે *

એ સમય પણ વહી જશે!
ઉલ્કાપાત મચવતો અન્તર
કથની કંઈ કંઈ કહી જશે
એ સમય પણ વહી જશે!
નિત્ય વસન્તનાં સપનાં ઠાલાં,
વિયોગ વસમા મસ જે વ્હાલાં.
કૈંક દઈ કૈં લઈ જશે
એ સમય પણ વહી જશે!
જીરવાતો ના તો ય જીરવવો
માનવજન્મ મળ્યો છે ગરવો.
ગાગર સાગર તરી જશેઃ
એ સમય પણ વહી જશે!
વિષમાં અમૃત, અમૃતમાં વિષ,
સચરાચરમાં સભરભર્યો ઈશ;
નીલકણ્ઠ તો રહી જશે
એ સમય પણ વહી જશે!
ઉલ્કાપાત મચવતો અન્તર
કથની કંઈ કંઈ કહી જશે
કૈંક દઈ કૈં લઈ જશે
એ સમય પણ વહી જશે!

— ડૉ. રણજિત પટેલ (અનામી)



## * વિભુ ઝલક *

(ગાન)

વિભુવર જો મલકે,
વિભુ ઝલક છલકે,
નભમાં નદીમાં, ગિરિગહવરમાં,
સાગર સરવરે, પશુ–પંખીમાં–
વિભુવર જો મલકે,
વિભુ ઝલક છલકે.
ધરતી–તરુમાં, પર્ણ–પુષ્પમાં,
બાગ બગીચે, અભ્ર–અનિલમાં–
વિભુવર જો મલકે,
વિભુ ઝલક છલકે.
વર્ષા વારિ, વસંત ઉષામાં,
ચંદ્ર સૂરજ ને તારક ગણમાં–
વિભુવર જો મલકે,
વિભુ ઝલક છલકે.
સાંધ્ય–શિશિરમાં, ઉજાસ–તિમિરમાં,
આંધી કિરણ ને સહુ સર્જનમાં–
વિભુવર જો મલકે,
વિભુ ઝલક છલકે.
બાળ વૃદ્ધ ને સંત–સાંઈમાં,
જીવ જીવ ને સ્થળ સઘળામાં–
વિભુવર જો મલકે,
વિભુ છલક છલકે.

— મધુરમ્

## * દર્શન તારાં *

બ્હાર કરો ના દર્શન વ્હાલા!
અંતર મૂર્તિ વિરાજે રે!
ઢૂંઢી ઢૂંઢી જગમાં થાક્યો
ક્યાંય ન ઝાંખી તારી રે! —૧
તીરથ જોયાં, મંદિર મંદિર
મૂરત ક્યાંય ન ભાળી રે!
ઝળહળતા જગમંદિરેથી
નયણાં લીધાં વાળી રે! —૨
અંતરમાં અંધાર ઉમટતો
જગમાં તો અજવાળા રે!
વ્હાલા! તે શણગાર શું ઠાલા?
તેજ ન તારું ચળકે રે! —૩
ભટકી ભટકી થાકી થાકી
અંતર નજરૂં વાળી રે!
વ્હાલો મારે ઉર વિરાજે
મૂરત અંતર ભાળી રે! —૪
જીવનભરની આરત મારી
પ્રભુજી! આજે ફળતી રે!
બ્રહ્માનંદ સમાં દર્શનથી
જગની માયા ટળતી રે! —૫

— મહેન્દ્ર ઇ. પંડ્યા

●



# રચાયું એક વૃંદાવન

ગોરધનભાઇ કલોલા (કલ્યાણ)

તમારા સ્નેહથી છલોછલ ભરાયા હૈયાં સઘળાં,
રચાયું એક વૃંદાવન, તમારા સંગમાં સાચું.

મનોહર કુંજગલીઓથી સુશોભિત અને ગોપીઓના ભગવદ્-ભાવથી ભીંજાયેલું એક વૃંદાવન રચાયું હતું. ભગવાન શ્રી કૃષ્ણ-સંગે, ત્યાર પછી આવો જ ભગવદ્ભાવ જ્યારે જ્યારે પ્રકટતો રહ્યો છે ત્યારે ત્યારે વૃંદાવનની પ્રેમભક્તિથી લચી પડતી લીલા-સૃષ્ટિ સર્જાતી રહી છે. બસ આવી જ અલૌકિક પ્રેમભક્તિથી તરબોળ લીલાસૃષ્ટિમાં વિહાર કરવાનો એક અનોખો અવસર માણવાનું સૌભાગ્ય મળ્યું. પૂ. મા શ્રી સર્વેશ્વરીના સંગમાં.

પ્રસંગ હતો પૂ. માના પ્રાકટ્ય પર્વ ૧૩, નવેમ્બર '૯૦ નો. આ પ્રાકટ્ય પ્રસંગ પર્વે જે પ્રભુપ્રેમના પુનિત પ્રેમગંગા પ્રકટી તેથી ભાવિકોના હૈયાં વૃંદાવનની અનેરી લીલાસૃષ્ટિમાં સરી પડયાં. ત્યાં હૈયે હૈયે ભાવભક્તિના અનેરાં વૃંદાવન રચાયા હતા. ત્યાં પરમપ્રેમમાં મહાલવાની અનેરી મસ્તી હતી. પ્રેમભક્તિના કેફમાં ઘેઘુર બનેલી આંખોએ જાણે બધું જ સાનભાન ગુમાવ્યું હતું. પરમ પુરુષ મા સર્વેશ્વરીના દિવ્ય સાન્નિધ્યે સર્જાતી લીલાસૃષ્ટિની અલૌકિકતા કેવું સુમિતાપૂર્ણ અને દિવ્ય વાયુમંડળ રચે છે તે અનુભૂતિ વૃંદાવનની પાવન સૃષ્ટિને સહજ સાકાર બનાવે છે.

પૂ. મા સર્વેશ્વરીની આ ઈશશક્તિ તેમના પગલે પગલે આવા અલૌકિક વૃંદાવન રચવાનું સામર્થ્ય ધરાવે છે. પૂ. માના પુનિત

પગલે પગલે એ પ્રેમભક્તિની પગદંડી પર જેમણે જેમણે પગલાં માંડયાં છે તેમણે પોતાના જીવનને વૃંદાવનની ભાવસૃષ્ટિમાં વિહરતું માણ્યું છે. આ એક અનુભૂતિ છે, અહીં રંગોની આભા નથી, પ્રત્યક્ષ નિહાળેલા મેઘધનુષી રંગોની છટ્ટા છે. જેમણે માતૃવાત્સલ્યનું પયપાન માણ્યું છે તેને બીજાં આકર્ષક વ્યંજનોની ક્યાં તમા છે? એ પરમ પ્રેમમધુપનું મધુ જેમણે ચાખી લીધું છે તેઓ તો મધુમક્ષિકા બનીને એ દિવ્ય રસપાન કરવા તન્મય થઇ ગયા છે.

આ પ્રાકટય પર્વે અલ્કાપુરીનું અરુણોદયભવન એ માત્ર ઈંટચુનાની ઈમારત ન હતી. પરંતુ ભક્તિભાવથી લીંપાયેલી ભાવ-સૃષ્ટિ એ સ્વરૂપમાં મૂર્ત બની હતી. ભાવિકોના ભાવથી રંગાયેલી એ ઈમારત જાણે પ્રેમાનંદથી મઘમઘતી હતી. ઉત્સાહ, ઉલ્લાસ ચારે બાજુ ઉડાઉડ કરતાં હતાં.

એ પ્રાકટય પર્વ ભલે પૂ. માનું હતું પરંતુ સાચા અર્થમાં તો એ છોકરાઓનું હતું! જે માતૃઅંકમાં બેસીને છોકરાઓએ આધ્યાત્મિક અમૃત પીધાં છે, તે અમૃતના ઓડકારે, આ પ્રાકટય પર્વે અનુપમ આનંદની સૃષ્ટિનું સર્જન કર્યું હતું. છોકરાઓના હૈયામાંથી ઉત્સાહ, આનંદ, ઉલ્લાસ જાણે ઠલવાઇ, ઠલવાઇને ધોધરૂપે વહી એ પાવન માતૃચરણોનું પક્ષાલન કરી રહ્યા છે. આ પ્રાકટય પર્વે પોતાની પ્રાણપ્યારી માનું અભિવાદન કેમ કરવું, તેના ઉત્સાહે હૈયાં ઉછળી રહ્યાં છે. પુષ્પોને તો જાણે એક પુષ્પવાટિકા રચાઇ ગઇ છે! ઘડીભર જોઇને એમ લાગે કે આ પુષ્પોનું ઉદ્યાન અહીં એકાએક કેવી રીતે રચાઇ ગયું હશે! એ ફક્ત પુષ્પો જ ન હતાં એ રૂપમાં છોકરાઓના પ્રેમભર્યા હૈયાં જાણે ઝૂમી ઉઠયાં



હતાં! હા, આ સાચા અર્થમાં બાલકુસુમો જ છે જેને પૂ. માએ હૈયાના હેતથી સીંચ્યાં છે, તેમની માવજત કરવામાં રાતદિવસ જોયાં નથી. હાડચામ એક કરીને રુધિર રેડયું છે. એટલે છોકરાઓ માટે પૂ. મા કોઇ સંત નથી, સિદ્ધયોગીની પણ નથી, ગગનના ગોખે બિરાજતી કોઇ દેવી નથી, કે અરણ્યમા તપતી જોગણ પણ નથી, પૂ. મા તો છોકરાઓના પ્રાણનું સ્પંદન છે, શ્વાસનું સંગીત છે, કાળજે કોતરાયેલું ધબકતું અમર ઈશ આલંબન છે.

એટલે આ પ્રાકટય પર્વ માતૃઋણને મસ્તકે ચડાવવાનો પાવનપ્રસંગ છે. માતૃપ્રેમની સંજીવનીએ બક્ષેલા નવજીવનમાં એ પરમપ્રેમને પ્રતિઘોષિત કરવાનો પુણ્ય દિવસ છે. એ પાવન પદપંકજને પ્રેમાશ્રુઓથી પખાળવાનો પુનિત પર્વપ્રસંગ છે. હવે પછી માતૃઆદેશને જીવનમંત્ર માની સમર્પિત જીવનનો અર્ઘ્ય એ પદસરોજમાં અર્પિત કરવાની સુવર્ણપળોનો અનેરો અવસર છે. જે માતૃઋણને અનેક જન્મો પછી પણ ન ફેડી શકાય, છતાંય એ પરમકૃપાની ધાર સતત મસ્તક પર રેલાવવા પ્રેમભરી પ્રાર્થના કરવાની આજે અણમોલ ઘડી છે. એટલે ૧૩, નવેમ્બર એ છોકરાઓ માટે ફક્ત પર્વ નહીં પર્વાધિરાજ છે. આ દિવસે પૂ. માના સ્વરૂપમાં પરમશક્તિએ ધરતીને ધન્ય કીધી અને કપૂરાના ભક્તકૂળને પાવન કર્યું! ઉદ્ધાર કર્યો.

આજે આનંદ ઘડી છે, ઉત્સવ ટાણું છે. સૌના અંતર હરખી ઉઠયાં છે. આવા હરખઘેલા અંતરનો ઉઘાડ પુષ્પોના શણગારમાં, આસોપાલવના સુશોભનમાં વાતાવરણની પવિત્રતામાં, ભક્તિના ભાવમાં, આંખોની રોશનીમાં, અને પ્રાણના સ્પંદિત પરમાણુઓમાં

થઇ રહ્યો છે. જુઓ, આવા જ અંતરના આનંદનું પ્રતિક છે, પૂ. માની બેઠક, પુષ્પોમંડિત, લતામંડપ સરીખો હિંડોળો. પૂ. મા એ હિંડોળા પર બિરાજ્યા, ઝુલ્યા, એ આનંદની ઘડી જાણે ક્યાંય સમાઇ ન શકી, જયનાદોથી સઘળું ગૂંજી ઉઠયું !

પૂ. મા ધીમે ધીમે ઝૂલતાં હતાં, જાણે સ્વર્ગ એ શ્રીચરણોને ચુંમતું હતું! વૈકુંઠ એક વેંત પણ છેટું ન હતું. સૌ ધન્યતાના સાગરમાં ગરકાવ થઇ ગયા હતાં! આત્મિક વૈભવ એ માતૃસ્વરૂપ દ્વારા પ્રદર્શિત થઇ રહ્યો છે, ઝૂલી રહ્યો છે. કોનું છે આ સન્માન? પરમપ્રેમ, તપ, ત્યાગ, સેવા, સમર્પણભાવ, શ્રદ્ધા અને ભક્તિનું! જાહ્નવીને ભગવાન આશુતોષ જ ઝીલી શકે તેમ આ દિવ્ય-ગુણોનો મધુપ સહજ રીતે જ માતૃમસ્તકે ગુંથાયેલો છે. આ આત્મિક વૈભવ પ્રાપ્ત કરવા પૂ. માએ સાધનાની અવિરત ધૂણી ધખાવી છે. પ્રિયને ત્યાગી પરમપ્રિયને પ્રાપ્ત કર્યું છે.

દ્વાર બધાં બંધ કરે છે જે, મંદિર તેનું ઉઘડે આખર,
આરાધે તે આરાધ્ય બને, આગળ આવે રહેતાં પાછળ.

શરીરના વૈભવને સાધનાની ભઠ્ઠીમાં ઓગાળીને આજે આત્મિક વૈભવના હિંડોળે પૂ. મા ઝૂલી રહ્યાં છે. દુન્યવી વૈભવની મોહક છાયા છોડી પૂ. મા આજે આત્મિક વૈભવની શીતળતાને પામ્યાં છે. આ બધું આપણી નજરની સામે જ બન્યું છે, પૂ. માના આધ્યાત્મિક જીવન ઇતિહાસને આપણે નજર સામે જ લખાતો જોઇ રહ્યા છીએ. એની સચ્ચાઇ માટે કોઇ પુરાવાની કે કોઇને પૂછવાની પણ જરૂર નથી.

આજે આપણે પૂ. માને પૂજીએ છીએ, સન્માનીએ છીએ, ઝૂલાવીએ છીએ, મસ્તકે મુકુટ ધરીએ છીએ તેમાં ઉડીને આંખે



વળગે તેવું અભિનવ લક્ષણ પૂ. માની ઈશશક્તિના અહંકાર વિનાનો નિરપેક્ષ નેહ છે. એ નિઃસ્વાર્થ વાત્સલ્યભાવે સૌને સંજીવની બક્ષી છે. સ્વયં ગુણોના આગાર હોવા છતાં ક્યાંય રજ-માત્ર પણ ગુણોના ગર્વનું પ્રદર્શન નથી. સંકલ્પમાત્રથી અગ્નિ, પવન અને પાણીને આજ્ઞામાં પ્રવર્તાવનાર પૂ. મા એવાં જ રજકણ જેવાં નમ્ર અને તૃણ જેવાં હળવાં રહ્યાં છે. પરમાત્માના આ માતૃસ્વરૂપની વિશેષતા રહી છે કે આપણે જ્યાં હોઇએ ત્યાં આવીને એ દિવ્યપ્રેમ અને કરુણાની ધારામાં અજાણતામાં પણ ભીંજવી દે છે. એ નયનોમાં એવાં તો પ્રેમના પૂર ઉમટે છે કે આપણે તેમાં તણાયા વિના રહી શકીએ નહિ. એટલે આજે આ પર્વ પ્રસંગે પૂ. મા ફક્ત ફૂલોનાં હિંડોળા પર જ નહીં પણ સાથે સાથે ભક્તોનાં ભાવહિંડોળા પર પણ ઝૂલી રહ્યાં છે.

પૂ. માની વિનમ્રતા તો જુઓ! જે શ્રી ચરણોની રજના ભસ્મલેપનથી અનેકોએ જીવનનો અહાલેક જગાવ્યો છે તેવા પૂ. મા પોતાના જન્મદિવસે વડીલોના આશીર્વાદ લેવા માટે શ્રી વામનભાઇ, ઈશ્વરભાઇ તથા ગુલાબબેનને સાષ્ટાંગ પ્રણામ કરી અંતરનો ભાવ વ્યક્ત કરે છે. સાગર પણ બિંદુ બની શકે, પર્વત પણ રાઇનો ઘણી બની શકે, આ નમ્રતાની ચરમસીમા નહીં તો બીજું શું? આપણે બીજું કંઇ ન કરીએ પરંતુ આ પ્રાકટય પર્વે પૂ. માની આ નમ્રતાની પ્રસાદિથી અહંકારની ભૂખ ભાંગીએ તો કેમ?

આજના પવિત્ર મંગલમય પર્વે પૂ. માના બાલકુસુમોએ પૂ. માને અંતરના ઊમળકાથી વધાવ્યાં. શ્રી ઈશ્વરભાઇના પ્રેમાર્દ્ર અંતરમાંથી બે કાવ્યઝરણાં ફૂટી નીકળ્યાં. એ બે ઝરણાંને સંગીત, અને મધુર સ્વરથી મઢયાં શ્રી સુશીલાબેને અને એને વહેતાં કર્યાં,

મંજુલ નિનાદે, ભાવથી લચી પડતા, તનમનથી પરીઓ સમી બાલીકાઓએ. વૃંદાવનની રાસલીલાઓ જેવું દિવ્ય પ્રેમભર્યું અને પવિત્રતાથી છવાયેલા વાતાવરણે અહીં બીજું વૃંદાવન સર્જ્યું હતું.

અંતરમાંથી ફૂટી નીકળેલા એ ભાવગીતમાં શબ્દે શબ્દે પૂ. માનું પૂજન છે. અંતરની આજનું દર્શન છે. મા અને બાળકો વચ્ચે અહીં આત્મીયતા એવી તો અકબંધ છે કે તેને જીવનના જખ્મો કે મૃત્યુનું મૌન પણ ખંડિત કરી શકે તેમ નથી. મા પાસે બીજું શું માગીએ? બસ, તારાથી જુદા ન પડીએ.

દઈ દે વચન અમે સંગમાં રમીએ
આવતી સો સો વસંત!
હો અમે જનમોજનમના સાધક સૌ
તારા ચરણોમાં કરીએ,
ચરણોમાં કરીએ નિત્ય વિરામ!—લાખો વંદન.

મા તું તપી તપી તારે હૈયે પ્રેમની વાદળી સર્જીને અમારા આર્તઅંતરને પ્રેમની મેઘલ ધારે વરસીને શાંત કરે છે, તૃપ્ત કરે છે. અમારી આજની અભિવંદના તારી પ્રેમલધારનો પરિપાક છે.

ધોમે ધીકતી ધરતી જેવી
તપતી તું નિશદિન, માડી!
પ્રેમની મેઘલ ધારે અમને
કરતી દુઃખ વિહીન માડી.
હૃદય હૃદયમાં તારી હાજરી રે
માડી હરદમ પૂરે
હરદમ પૂરે હામ રે,
લાખો વંદન કરીએ માડી રે,



તારા ચરણોમાં કરીએ,
ચરણોમાં કરીએ કોટિ પ્રણામ!

બીજા કાવ્યમાં કવિશ્રી યોગેશ્વર પ્રભુને મીઠો ઉપાલંભ આપતા કહે છે કે સૂક્ષ્મ સ્વરૂપે તો એ માતૃરૂપમાં સમાયેલા છો, છુપાયા છો, પણ હવે પ્રત્યક્ષ બની જાઓને! આવા મંગલ પર્વનો સુયોગ પાછો ક્યારે આવશે? માતૃમહિમાનું મંગલગાન કર્યા વિના આજે તો કેમ રહી શકાય? એ પ્રેમમદિરા પીધા પછી પાગલ થયા વિના કેમ રહી શકાય? નાચી જ ઉઠાય, રહી જ ના શકાય, સૌ અણુ અણુમાં ઉમંગ ભરીને દિવાના થયા છે અને તમે કેમ શાંત બેઠા છો? પ્રભુ! આ તો મા છે, મૂકશે નહીં, દોડવું પડશે તે કરતાં ધીમે પગલે આવી પ્રકટી જાઓને! કે પછી લાજને હોડમાં મૂકવી છે? પ્રભુને પથ્થરદિલ જાણ્યા નથી. એ વિરહાગ્નિમાં પાષાણો પણ પીગળી જતા હોય તો આપને શાની ઉપમા આપવી?

દિલ હશે તો જરૂર પ્રગટશો
નીરખી માની લગની:
જલી રહ્યો જેને રોમ રોમમાં
વિરહનો નિત અગનિ!
પાષાણો પણ પીગળે પ્રભુજી,
હવે તમારી જાશે લાજ;
હોરે શત શત દીપ પેટાવો આજ
માના જન્મ દિવસે પ્રભુજી
ઝંકૃત કરી દોને સાજ!

આ બે કાવ્યસરિતાઓ એવી તો વહી કે આ પ્રાકટ્ય પર્વનો આનંદ બે કાંઠે છલી વળ્યો!

પૂ. માએ ફક્ત છોકરાઓનું સંસ્કાર ઘડતર જ નથી કર્યું, પણ નવસર્જન કરી, જીવન ઘડતર દ્વારા નવજીવન બક્ષ્યું છે. પરદેશથી જે બાળકો અહીં પહોંચી શક્યાં નથી, તેઓની સંસ્કાર સૌરભ પત્રો દ્વારા અહીં પહોંચી છે. એ બાળકોની સ્નેહ સુવાસે સૌનાં તનમન ડોલી ઉઠયા છે. સૌ બાળકોના હૈયે વ્યાપ્યો છે માતૃપ્રેમનો પમરાટ. બસ, આ પર્વ જ છે માતૃપ્રેમના પમરાટનું, માતૃઅંકે બાળકોની મોજની મહેફીલનું!

પૂ. મા પણ પ્રભુની ફૂલવાડીમાં ખીલેલા પોતાના બાલકુસુમોને જોઇને ખૂબ જ ખુશ છે. અવનવા સંસ્કાર પુષ્પોને ખીલેલા જોઇને પૂ. માને એ અમૃતસિંચનનો પરીશ્રમ સાર્થક લાગે છે. આ પ્રેમપર્વે પાવન સંદેશો વહાવતા પૂ. મા કહે "અમે આજે જે કંઇ પણ છીએ તે યોગેશ્વરપ્રભુની અનન્ય કૃપાનું પરીણામ છે. એ મહાપુરુષે આ માટીના રમકડામાં પ્રાણ પૂર્યો છે. કપૂરાથી આ હિંચકા સુધીની યાત્રા પ્રભુસંગે જ પાર પડી શકાઇ છે. આ પ્રેમભક્તિની પગદંડી પર ચાલતાં ચાલતાં પ્રભુપ્રેમનાં એવાં તો જામ પીધા કે હવે એ નશો રગ રગમાં વ્યાપી ગયો છે.

પ્યાલી પીને બની મસ્તાની
કોઇ વાટ જુઓ ના મારી
પીતાં હૈયું હારી બેઠી ને, જીવનને પલટાવી
જાગીને જોયું તો યોગેશ્વર–મૂરતી
દશે દિશામાં દેખાણી–પ્યાલી

અમે તો એ મહાપુરુષના હાથનું રમકડું બની ગયાં છીએ. અમારી જીવનનાવ એ પ્રભુ જ સંભાળે છે. એ મહાપુરુષના વિશ્વાસે અમે તો જીવન કૂદકો લગાવ્યો, માતાપિતા, સુખસંપત્તિ,



પ્રતિષ્ઠાભર્યું આચાર્યપદ, બધું જ છોડયું, એક પ્રભુ સિવાય, તો પ્રભુએ અમને અપનાવ્યાં. પ્રભુકૃપાનું પરિણામ તમે પ્રત્યક્ષ જોઇ રહ્યા છો, આજે અમારી પળેપળની ચિંતા પ્રભુ કરે છે.

"તમે પણ એવો કૂદકો મારી મા ભગવતીના ખોળામાં ચડી જાઓને! પછી છે કોઇની તાકાત કે તમને નીચે ઉતારી શકે? એ મહાપુરુષે અમારામાં વિશ્વાસ રાખ્યો, અમને અપનાવ્યાં તો એમણે કંઇક જોયું હશે ને? એ મહાપુરુષે જે જોયું તેમાં શ્રદ્ધા રાખો. જીવન અંજલિ પ્રભુને અર્પી દ્યો.

મારું જીવન અંજલિ થાજો
ભૂખ્યા કાજે ભોજન બનજો
તરસ્યાનું જળ થાજો,
દીન દુખીયાના આંસુ લોહવા
અંતર કદી ના ધરાજો
વણથાક્યા ચરણો મારા
તારી સમીપે ધાજો
હૈયાના પ્રત્યેક સ્પંદને
તારું નામ રટાજો–મારું જીવન અંજલિ થાજો.
મારું, તમારું સૌનું જીવન
અંજલિરૂપ થાઓ એજ આજના દિવસે પ્રાર્થના."

આજના કાર્યક્રમની સફળતા માટે પૂ. મા ભરતભાઇને આશીર્વાદ આપતા કહે "ભરત, રામાયણનો આદર્શ ભરત બની રહે તેવી શુભેચ્છાઓ" આપણે પણ સૌ ભરતભાઇના ઋણી છીએ કે તેમણે સતત આઠ દિવસ સુધી પૂ. માના શ્રીચરણોમાં બેસી સત્સંગના સ્વર્ગીય સુખનો અનુપમ લહાવો આપ્યો,

ધન્યવાદ, અભિનંદન, ભરતભાઈ!

પૂ. મા તો પરમ પ્રેમ પુરુષ છે, તેમના દિવ્ય સંગે પ્રભુના દિવ્યધામ જેવા વૃંદાવનો રચાતા રહે છે. પરંતુ મા ભગવતીની નિત્યલીલા નિહાળવી હોય તો આપણે જ સ્વયં જ વૃંદાવનના લીલાસ્થાન જેવા નિર્મળ નિર્દોષ બની જઈએ તો પછી મા આપણા હૃદય વૃંદાવનમાં રમણ કરવા જરૂર પધારશે. પ્રભુ તો પ્રકટ જ છે, બસ, વૃંદાવન બની જઈએ. પછી તો...

કરો મહોત્સવ પ્રભુજી પોતે પ્રકટ થયેલા આજ
શરણાગતનાં સર્વ કરી દે કાજ રાખતાં લાજ,
એની યશગાથા ગાવી
આજે પાવન પળ આવી
લહાવો અમૂલખ શો લાવી–


**અંબાજીમાં ક્યાં ઉતરશો?**

" સ્વર્ગારોહણ "

માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ

" સ્વર્ગારોહણ ", દાંતા રોડ, **અંબાજી**. ટે. નં. ૨૨૬૯

(ઉ.ગુ.) ૩૮૫૧૧૦




# કબીર – સુધા

**પરમાર્થી**

કહંહિ કબીર પુકારિકે, સભકા ઉહૈ બિચાર,
કહા હમાર માને નહીં, કિમિ છૂટે ભ્રમજાલ?

'સભકા ઉહૈ બિચાર' એટલે સૌનો એક જ વિચાર. આજ દિન લગીમાં જગતમાં અવતરેલ સર્વે મહાપુરુષોનો એક જ અનુભવ છે ને તેથી તેઓનો એક જ વિચાર અવકાશમાં ગૂંજ્યા કરે છે કે આ માનવજાત પરાવાણી સાંભળે એટલું જ. તેનો અમલ કોઈ કરતું જ નથી. તેથી કેવી રીતે માનવજાત ભ્રમરૂપી જાળમાંથી મુક્ત થઈ શકે? અને કેવી રીતે પરમ સુખનો અનુભવ પણ કરી શકે? કબીર સાહેબની આ વેદનાપૂર્ણ વાણીમાં જગતની નક્કર વાસ્તવિકતાનું દર્શન થાય છે.

માનવજાતે કેટલા બધા અવનવા ભ્રમો પેદા કર્યા ને તેમાં જ શાશ્વત સુખનું સંશોધન કર્યા કર્યું! હજી સુધી નથી સુખ પ્રાપ્ત થયું, નથી કોઈ માર્ગ માગ્યો! ભ્રમનો પડદો હજી ઉંચકાયો જ નથી. ભ્રમનો પડદો જેમનો તેમ રહ્યો તેથી રામ, કૃષ્ણ ને બુદ્ધ જેવા મહાપુરુષોને જગત ઓળખી શક્યું જ નથી. ગાંધીને ગોળીએ ચઢવું પડયું! સર્વે મહાપુરુષોને પોતાના યુગમાં લોકો તરફથી કાંઈ ફૂલમાળા નથી મળી, પણ પારાવાર પીડાઓની વર્ષા જ મળી છે તે કેવી રીતે ભૂલી જવાય? ઈસુને જીવંત અવસ્થામાં ખીલા ઠોકી ફાંસી દેનારી પ્રજા પાછળથી પૂજવા માંડી ને તેને નામે અનેક સંપ્રદાયો સ્થાપી માંહોમાંહે ભીષણ સંગ્રામ ખેલવા લાગી. દરેક

સંપ્રદાય પોતાને શ્રેષ્ઠ ગણાવે. તે જે જ્ઞાન ને સમજ આપે તે જ સાચો ધર્મ, બીજું અસત્ય ને મિથ્યા! વેદનો આધાર લઇ શાસ્ત્રકારોએ વિભિન્ન વિચારસરણીઓ વહેતી કરીને લોકમાનસમાં ભેદભરમની દીવાલો જ ખડી કરી છે. આપસ આપસમાં બાંયો ચઢાવી દિગ્વિજયની સ્પર્ધાઓનું જ સર્જન કર્યું! કોઇ જૈન, કોઇ બુદ્ધ, કોઇ શૈવ, કોઇ વૈષ્ણવ, કોઇ વેદાંતી તો કોઇ આર્યસમાજી. પોતે જે માને તે સાચું, બીજું બધું ખોટું! કેવી વંચના! કેવો દંભ! મુસલમાનોએ તો ધર્મને નામે કેર જ વર્તાવ્યો છે. શિયા ને સુન્નીના ઝઘડા આજે પણ ચાલ્યા કરે છે. હજારો માણસો દંગલમાં મરી જાય છે. ખરેખર તે ભેદો કોણે પાડયા? મહમ્મદ સાહેબે તો પાડયા જ નહોતા! અનુયાયી વર્ગે જ ભેદોનું સર્જન કર્યું ને ભ્રમજાલ સર્વત્ર બિછાવી દીધી. ઉંચ—નીચ, ગરીબ—તવંગર, જ્ઞાની—અજ્ઞાની સૌ ફસાયા.

પ્રત્યેક પ્રવૃત્તિના પ્રારંભની પાછળ સુખી થવાનો જ ઉદ્દેશ રહેલો હોય છે. માનવજાત પુરાતન કાળથી અનેક પ્રવૃત્તિઓ કર્યા કરે છે તે એક હકીકત છે. દુઃખ તો કોઇને જ ગમતું નથી. છતાં આજે કોઇને પણ પૂછવામાં આવે તો પ્રત્યેક વ્યક્તિ કોઇ ને કોઇ પ્રકારે દુઃખી જ જણાશે. કોઇ શરીરનાં દુઃખોથી દુઃખી, તો કોઇ માનસિક રીતે દુઃખી! વળી મનનાં દુઃખની તો કોઇ સીમા જ નથી. જગતમાં થતાં મરણની ટકાવારી કાઢવામાં આવે તો મોટા ભાગના લોકો માનસિક વ્યાધિઓથી મરણ પામતા જણાશે! પાર વગરની પીડાઓથી પીડાતી પ્રજા દુઃખને દૂર કરવા તો શરણ શોધે છે કોઇ સંતનું જ! જો સાચા સંતનું શરણ મળે તો તેને યથાશક્તિ લાભ પણ મળે જ છે. પરંતુ જો પાર્થિવ પદાર્થોની



કામનાઓથી ખદબદતો કોઇ સંત ભેટી જાય તો પીડા ઓછી થવાને બદલે અનેક ઘણી વધી જાય છે. જીવનના અંત સુધી પણ તેનો અંત આવતો નથી હોતો! સાચા સંતના સાંનિધ્યમાં આવ્યા પછી વ્યક્તિને મનની અગાધ શાંતિનો અનુભવ થાય છે ખરો. પણ જો તે સાવધ ન રહે ને થોડી શાંતિનો અનુભવ થતાં વળી પાછો પાર્થિવ પદાર્થોની મોહિનીમાં ફસાઇ સંતને ભૂલી જાય તો સંકટનો સાગર તેની સામે હિલ્લોળા લેતો ઊછળવા લાગે છે.

જગતનું દુઃખ ઓછું થાય તો સારું એવી સંતની લાગણી હોય છે. પરંતુ તે અંગે તેને લાલસા છે એવું માનવું ન જોઇએ. સંતનો સ્વભાવ દયાળુ હોય છે તેથી દુઃખીને દેખી તે દ્રવી જાય છે પણ તેની પાછળ કોઇ આસક્તિ નહીં, કોઇ બદલાની ભાવના પણ નહીં! સંતોનું પ્રકટીકરણ જિજ્ઞાસુ જીવને મદદરૂપ થવા સારુ હોય છે એવી ભાવનાત્મક સમજણ પણ ખોટી નથી. હા, જિજ્ઞાસુ ભક્તની સાથે સંકળાયેલા બીજા લોકોને ક્યારેક વણમાગ્યો લાભ મળે છે ખરો. પરંતુ તેવા ભક્તો મેળવવાની લાલસા સંતના મનમાં ક્યારેય હોતી નથી તે યાદ રાખવાની જરૂર છે. કથાકારને સમૂહની આવશ્યકતા હોય છે. જાદુગરને જેમ ધનની લાલસા હોય છે તેમ કથાકારને પણ કાંઇક લાલસા તો રહેવાની જ! જેમ સમૂહ મોટો તેમ ધનની પ્રાપ્તિ વિશેષ. પરંતુ સંતને નથી હોતી ધનની ઇચ્છા કે નથી હોતી સમૂહની જરૂરિયાત! ઇ. સ. ૧૯૮૧ માં અમેરિકામાં સદ્ગુરુ યોગેશ્વરજી અને મા સર્વેશ્વરી સાથે ફરવાથી અમને એ બાબતની ખાતરી થઇ ગઇ છે. ઘણી બધી જગ્યાએ પૂજ્ય યોગેશ્વરજીને એક હજાર ડોલરથી પણ મોટી રકમ ભેટ તરીકે ધરવામાં આવતી. પાસે જ મારે બેસવાનું થતું

તેથી પૂજ્યશ્રી મને જ કવરમાં શું છે તે જાણવાનું કામ સોંપતા. પૂજ્યશ્રી તેને તરત જ બોલાવી વળી પાછું તે કવર પ્રસાદી તરીકે આપી દેતા ને કહેતા કે લો, તમને જીવનમાં ઉપયોગી થશે! બહુ આગ્રહ થતો ત્યારે માત્ર એક ડોલર લઇને ભક્તજનને સંતોષ આપતા.

લોસ એન્જલીસ શહેરમાં એક ભાઇ ઝામ્બિયાથી આવીને વસ્યા હતા. તેમને યોગેશ્વરજીનો અને મા સર્વેશ્વરીનો પાકો પરિચય હતો. તે ભાઇ રંગ અવધૂતના પરમ ભક્ત હતા. યોગેશ્વરજી જ્યારે ઝામ્બિયા ગયેલા ત્યારે રંગ અવધૂતે તે ભાઇને સ્વપ્નદર્શન દ્વારા જણાવેલું કે યોગેશ્વરજી અને મા સર્વેશ્વરીની પ્રેમથી સેવા કરજે. તેથી તેણે ઝામ્બિયામાં યોગેશ્વરજી અને મા સર્વેશ્વરીનો ઉતારો પોતાના ઘરમાં કરાવેલો. તે ભાઇએ અમેરિકામાં પણ પૂજ્ય શ્રી અને માની સેવાનો લહાવો લેવા પોતાના ઘરમાં સત્સંગ રાખ્યો હતો. સરસ રીતે તે ભાઇએ સત્કાર કર્યો હતો. ફૂલહારની સાથે ગજરો બનાવી અર્પણ કર્યો હતો. માએ પોતાનો ગજરો મને આપ્યો ત્યારે મને એમાં થોડું વજન લાગ્યું. મેં માનું ધ્યાન દોર્યું. માએ તે ગજરો તે ભાઇને પ્રસાદી તરીકે રાખવા આગ્રહપૂર્વકની વિનંતિ કરી હતી. તે ગજરામાં પાંચ તોલા જેટલો સોનાનો દાગીનો સંતાડીને ગૂંથી દેવામાં આવ્યો હતો. આવા નિર્મોહી, નિઃસ્પૃહી સંતો જ જનસમાજનું કલ્યાણ કરી શકે, દંભી સંતો નહિ!

આ જમાનામાં તો એવા મહાપુરુષો મળવા જ મુશ્કેલ ગણાય છે. ભૂલેચૂકે જો કદી મળી જાય તો તેને ઓળખવા મુશ્કેલ છે. ક્વચિત થોડી ઓળખાણ થાય તો તેની વાણીમાં વિશ્વાસ



જાગવો મુશ્કેલ છે. યદિ વિશ્વાસ જાગે તો તે પ્રમાણે વર્તવું મુશ્કેલ બની જાય છે. તેથી જ તો નથી ખ્રીસ્તી લોકોએ ઇસુનું કહ્યું માન્યું કે નથી મુસલમાનોએ પયગંબરી વાણીનો અમલ કર્યો! નથી. હિન્દુઓએ અવતારી મહાપુરુષોને ગણકાર્યા કે નથી મહાવીરની વાણીને જૈનો અનુસર્યા! આ રીતે અનુયાયીઓનો મોટો ભાગ સંતની ફરતે ફરતે ફર્યા કરતો જણાય છે છતાં સંતની કૃપાને પામી શકતો નથી તે હકીકત મહારાષ્ટ્રના બે સંતોના દૃષ્ટાંતથી વધુ સારી રીતે સમજાશે.

તુકારામ અને સમર્થ રામદાસ બંને સમકાલીન હતા એમ કહેવાય છે. તેઓનો પોતાનો અલગ અલગ વિશાળ અનુયાયી વર્ગ હતો. બંનેના અનુયાયી વર્ગમાં 'અમારા ગુરુ શ્રેષ્ઠ' એવી લાગણી પ્રવર્તતી હતી. તે લાગણીએ એક દિવસ બંને વચ્ચે સંઘર્ષ ઉભો થાય એવી પરિસ્થિતિ નિર્માણ કરી. સમજુ અનુયાયીએ વચલો માર્ગ શોધી કાઢયો. બંને સંતોને એક જ સ્થળે એકત્ર કરવા ને તેઓ સાથે ચર્ચા વિચારણા કરી નક્કી કરવું. સમજુ ભક્તોએ પોતપોતાના ગુરુને લાવવાની જવાબદારી સ્વીકારી. એક નિયત દિવસે ને સમયે નીકળવું. વચમાં જ્યાં નદી આવે ત્યાં મળવાની નીતિ બંને પક્ષોએ માન્ય રાખી. તે અનુસાર બંને પક્ષો ભેગા થયા સામસામે નદીને કિનારે. એક તરફ તુકારામ અને ભક્તોનો સમૂહ તો બીજી તરફ સમર્થની સાથે સમર્થનો અનુયાયી વર્ગ.

સામેથી સમર્થ ઉભા થયા અને બંને હાથો વડે શંખ વગાડતા હોય તેવો અભિનય કરવા લાગ્યા. પછી ધીમે ધીમે નાચવા લાગ્યા. થોડીવાર પછી માથું કૂટતા હોય તેવો અભિનય કરી બેસી

ગયા. આ તરફ તુકારામે પણ એવું જ કર્યું. તુકારામે આજુબાજુથી બે પથ્થર વીણી કરતાલ વગાડતા હોય તેવો અભિનય કર્યો. પછી ખૂબ નાચવા લાગ્યા અને અંતે માથું કૂટવાનો અભિનય કરી તેઓ પણ બેસી ગયા. અનુયાયીવર્ગ મૂઢ બનીને જોઇ જ રહ્યો. કોઇને અભિનયની સમજ પડી નહીં. સમર્થે પાછા વળવાની આજ્ઞા કરી. સૌ બોલ્યા, ગુરુજી તમે એકમેકને તો મળ્યા નથી! સમર્થે કહ્યું કે અમે વાતચીત કરી લીધી! તેથી હવે ચાલો. તેથી બંને પક્ષો ત્યાંથી પાછા વળ્યા.

સમર્થને પૂછવાની કોઇની હિમ્મત ચાલી નહીં કે શી વાત થઇ હતી? રાત્રે સેવા કરતી વખતે એક ભક્તે હિમ્મત કરીને ખૂબ નમ્રતાથી તે અંગે પૂછ્યું તો સમર્થે સમજાવ્યું કે મેં જ્ઞાન–વૈરાગ્યનો શંખ ફૂંક્યો ને રાજરજવાડા સુધી તેનો પડઘો પણ પાડયો. પરંતુ સ્વાર્થ ને અહંકારમાં ડૂબેલા લોકો પર તેની કાંઇ અસર થઇ નહીં. અમારી સાથે રહે ને ફરે પણ અમારી વાત સમજે નહીં ને માને પણ નહીં. તેથી હું આખરે માથે હાથ દઇ થાકીને બેસી ગયો. તેવી જ રીતે તુકારામે પણ સૌ પ્રથમ ઢોલ કરતાલ વગાડી ભક્તિની ગંગા વહેવડાવી. પરંતુ સ્વાર્થ ને અહંકારમાં ડૂબેલા લોકો તેમાં સ્નાન કર્યા પછી પણ જેવા ને તેવા જ રહ્યા! તેથી છેવટે તુકારામ બુવા પણ થાકીને માથે હાથ દઇ બેસી ગયા.

તેથી કબીર સાહેબની સંવેદના આજે પણ એટલી જ સાચી છે. યાદ કરો છેલ્લાં સો વર્ષનો ઇતિહાસ! જગત જેનું ઋણ કદી ન ચૂકવી શકે એવા કેટલા બધા સંતો થઇ ગયા! શ્રી રામકૃષ્ણદેવ, વિવેકાનંદ, પરમહંસ યોગાનંદ, ભક્તિવેદાંત મહારાજ, આનંદમયી



મા, પૂ. મોટા, મહાત્મા યોગેશ્વરજી જેવા મહાન સંતોની કૃપા–વર્ષા આજે પણ સતત વરસી રહી છે. છતાં આપણા દેશની હાલત કેટલી બધી ખરાબ છે! લોકો સંતને સાંભળવા એકત્ર તો થાય છે પણ વાણી અંતરમાં ઉતારતા નથી. કોઇ પોતાની જાતમાં સહેજ પણ ફેરફાર જાણે કે કરવા માંગતું જ નથી. સંતવાણીને આકંઠ પીનારનું રૂપાંતર ન થાય એવું બને જ નહીં! માનવનું સર્વપ્રકારે કલ્યાણ થાય જ! જો લોકો અમલ કરતા હોત તો સમગ્ર દેશની હાલત સુધરી જ ગઇ હોત! પરંતુ સુધારો નહિવત્ થાય છે તે નક્કર હકીકત કબૂલ કર્યા વિના ચાલે એમ નથી. લોકો સ્વાર્થના કેન્દ્રની બહાર નીકળવા માંગતા જ નથી. સંતોની વાણી સાંભળે ખરા પણ ગણકારે નહીં! પાર્થિવ પદાર્થોની મોહિની તેમની ફરતે વજ્ર જેવું પડ ઊભું કરી દેતી હોય તેવું જણાય છે. કબીર સાહેબ પોતાનો એવો અનુભવ જણાવતા વારંવાર કહે છે :

સભૈ લોગ જહંડાઇયા, અંધા સભૈ ભુલાન
કહો કોઇ ન માનહીં, એકૈ માહિ સમાન!

અર્થાત્ સ્વાર્થથી આંધળા બનેલા સૌ લોકો કાયમ માયાથી છેતરાતા રહેતા હોય ત્યાં અમારું કોઇ માને નહીં કારણ કે ભ્રમજનિત એક જ દુઃખમાં સૌ ડૂબેલા છે!

# સત્સંગ

કમલ સુથાર

સત્સંગ. સત્ + સંગ. સત્‌નો સંગ તે સત્સંગ. સત્યના સંગે જે અહર્નિષ રહે છે તે જ સાચો સત્સંગી છે.

સત્યનો સંગ. સત્સંગ મનુષ્યને સુખી કરે છે. ઉન્નત કરે છે. જન્મ–મરણના બંધનમાંથી મુક્ત કરે છે.

આ સૃષ્ટિ ગુણ–દોષમય છે. સત્સંગથી મનુષ્યમાં ગુણ–વિકાસ થાય છે. મનુષ્ય જેવો સંગ કરે તેનો રંગ તેને લાગે છે. એટલે જ તો એક કહેવત પણ રૂઢ બની ગઈ છે :

"જેવો સંગ તેવો રંગ."

કિચડનો સંગ કરે કોઈ તો ગંદકી લાગ્યા સિવાય રહે નહીં. દુર્ગંધ મળે. ફૂલનો સંગ કરે તો સુગંધ મળે. ચંદનનો સંગ કરે તો સુવાસ મળે. કાંટાનો સંગ કરે તો વેદના મળે.

અમૃતનો સંગ અમરતા બક્ષે.

વિષનો સંગ મૃત્યુ નોતરે.

એટલે જ તો પરમસંતો, મહાપુરુષો, બુદ્ધિમાનો, પરમ વિવેકીઓ સત્સંગને શ્રેષ્ઠ ગણે છે. સત્સંગનો મહિમા ગાય છે. સંત કવિ સૂરદાસ પણ દુર્જનનો સંગ છોડી સત્સંગ કરવાનું પ્રબોધે છે. તે કહે છે :

"છાંડિ મન હરિવિમુખનકા સંગ,
જાકે સંગ કુબુદ્ધિ ઉપજત હૈ



પરત ભજનમેં ભંગ.
છાંડિ મન હરિવિમુખનકા સંગ."

જે દુષ્ટ છે. હરિવિમુખન છે, તેનો સંગ છોડવાનું તે કહે છે. કેમકે આવા અનિષ્ટોનો સંગ કરતાં ભજનમાં ભંગ પડે છે. અને કુબુદ્ધિ ઉપજે છે.

ઝેરી સાપ કે ઝેરી વીંછીઓનો સંગ હાનિ કરે. તેમનો સંગ કરતાં તે ડંખે. અને એ ઝેરી ડંખ–જીવલેણ નિવડે.

સંતનો સંગ. બુદ્ધિમાનનો સંગ. ગુણવાનનો સંગ. જીવનને ઉન્નત બનાવે છે. ગુણપ્રદાન કરે છે.

સત્સંગથી અનેક જન્મોનાં પાપ નષ્ટ થઈ જાય છે. એટલે સંત તુલસીદાસ કહે છે :

એક ઘડી આધી ઘડી, આધી મેં પુનિ આધ ।
તુલસી સંગત સંત કી, હરે કોટિ અપરાધ ॥

સત્સંગથી અજ્ઞાનનાં જીર્ણ આવરણ બળી જાય છે. અને પરમ જ્ઞાનરૂપી પ્રકાશની પ્રાપ્તિ થાય છે. અનેક સંશયો આત્મજ્ઞાની મહાપુરુષોના સંગથી એક ઘડીમાં છેદાય છે. અને મનુષ્ય ભવસાગર તરી જાય છે. જન્મમરણના બંધનમાંથી મુક્ત બને છે. સત્સંગરૂપી દિવ્યાગ્નિના સંગથી જનમોજનમનાં પાપ ક્ષણમાં ભસ્મ થઈ જાય છે.

સત્સંગ પારસમણિ સમાન છે.

પારસમણિના સ્પર્શથી જેમ લોઢામાંથી સોનું બને છે, તેમ સત્સંગ–પારસમણિના સ્પર્શથી જીવન દિવ્ય બને છે.

સત્સંગની સુવાસથી જીવનને ધન્ય બનાવવું એ બુદ્ધિમાન મનુષ્યનું લક્ષણ છે.

# દશરથાચલનું આરોહણ–૧

ડો. હરેન્દ્ર બી. સુરતીયા

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીમાની આજ્ઞા અને કૃપાથી અમો કુલ ૧૮ સાધકોએ ૧૧–૪–૯૧ ના રોજ હરિદ્વારથી દેવપ્રયાગ જવા માટે ૩ ટેક્સીઓમાં સવારે ૬–૩૦ વાગે પ્રસ્થાન કર્યું. આમાંથી ૧૧ સાધકો યુવાન હતા તેઓ દશરથ પર્વતની યાત્રા કરવાના હતા. આ અગિયાર સાધકોમાં ફક્ત એક જ શ્રી ચીમનભાઇ (સુરતનાં) પ્રૌઢ ઉંમરના હતા.

લગભગ સવારના ૧૦ થી ૧૦–૩૦ વચ્ચે અમો બધા દેવપ્રયાગ પહોંચી ગયા. ત્યાં સર્વેએ સંગમ પર સ્નાન કર્યું. સ્નાન કર્યા બાદ અમોએ દશરથાચલની યાત્રા માટે કોઇ સારાં માર્ગદર્શકની (ગાઇડની) શોધ કરવા માંડી. મોટે ભાગે બધા જ ગુરખાભાઇઓ દશરથપર્વત પર આવવાની ના પાડતા હતા. પરંતુ પછીથી એક ભાઇ અનિચ્છા છતાં દશરથપર્વત પર આવવા માટે તૈયાર થયા. સર્વ પ્રથમ અમો દેવપ્રયાગની "શાંતાશ્રમ"ની કુટિયા પર ગયા. ત્યાં જતી વખતે રસ્તામાં જ મુખ્ય રોડ પર એક ભાઇ શ્રી જ્યોતિસિંઘે આવીને અતુલભાઇને કહ્યું, "આપ લોગ દશરથ પર્વતકી યાત્રા કરને જા રહે હૈં, તો હમ ભી સાથ આયેગેં." અતુલભાઇએ કહ્યું કે, "હમને તો એક ગાઇડકો તય કર લીયા હૈ, ઉસકા ક્યા?" તો પેલા ભાઇએ કહ્યું, "ઇસમેં ક્યા બડી બાત હૈ? હમ દોનોં આયેગેં, મગર મૈં તો અવશ્ય આઉંગા હી." અતુલભાઇને એમ જ લાગ્યું કે પ. પૂ. માએ જ આ ભાઇને



પ્રેરણા કરીને મોકલ્યા લાગે છે, તેથી સહેજ પણ વધારે આનાકાની કર્યા વગર તેમને પણ સાથે લીધા. લગભગ ૧૦૦ રૂા. દરેકને આપવાનાં નક્કી કર્યા હતા. આ જ્યોતિસિંઘભાઇ જ અમને ઘણા ઉપયોગી થઇ પડયા, કારણ કે તે રસ્તાના સારા ભોમિયા હતા. અમે જ્યારે પણ રસ્તો ભૂલી જઇએ અને તેમનાથી છૂટા પડી જઇએ તો તે પર્વત પરથી કુદી નીચે ઊતરીને અમને શોધી કાઢીને ફરીથી સાચા રસ્તે ઉપર લઇ જતા હતા કારણ કે બધા સાધક ભાઇઓ સાથે નહોતા ચાલી શકતા. તેથી છૂટા પડી જવાનો પ્રસંગ ઘણીવાર ઊભો થયા કરતો.

દેવપ્રયાગની શાંતાશ્રમની કુટિયા પર જઇને અમો બધાએ ધૂન–જપ–પ્રાર્થના વગેરે કર્યા. અમો અગીયાર યુવાન સાધકો પ. પૂ. મા–પ્રભુનાં સૂક્ષ્મ આશીર્વાદ ગ્રહણ કરીને પછી દશરથાચલ પર્વત પર ચઢવા માટે તૈયાર થયા. બીજા સાત સાધક ભાઇબેનો દેવપ્રયાગથી જ પાછા હરિદ્વાર ચાલ્યા જવાના હતા. પ. પૂ. માએ જે અગીયાર ભાઇઓને દશરથ પર્વત પર જવાની સંમતિ આપી હતી તેમનાં નામો આ પ્રમાણે છે : (૧) બાપજી (૨) પંડિતજી (૩) અતુલભાઇ કોન્ટ્રાક્ટર (૪) દક્ષેશ કોન્ટ્રાક્ટર (૫) પંકજભાઇ ઈશ્વરભાઇ ભક્ત (૬) ધનસુખલાલ (૭) રાજેન્દ્ર જાની (સુરત) (૮) સંદીપ (૯) ચીમનભાઇ (સુરત) (૧૦) માધુભાઇ ચૌધરી (૧૧) ડો. હરેન્દ્ર સુરતીયા.

દેવપ્રયાગથી દશરથાચલનો રસ્તો સતત એકધારો ચઢાણવાળો જ છે. દેવપ્રયાગથી તે ૧૩ થી ૧૪ કિ. મી.ના અંતરે છે. અને ઊંચાઇની દૃષ્ટિએ લગભગ ૭૦૦૦ ફૂટ જેટલી ઊંચાઇએ છે. Vertical Distance, અમોએ લગભગ બપોરે એક વાગે

દેવપ્રયાગની કુટિયાથી ચાલવાનું શરૂ કર્યું. લગભગ ૨–૩૦ વાગે બપોરે અમે મહેરકાંડ નામના એક નાના ગામમાં આવી પહોંચ્યા. અહીં આવતાં પહેલાં રસ્તામાં અમારી સાથે આવેલા પહેલા નંબરના ગાઇડભાઇ છૂટા થઇ ગયા. તેમની જગ્યાએ તેમના નાનાભાઇ જગતસિંઘને તેમણે અમારી સાથે મોકલી આપ્યા, આ જગતસિંઘ દસમા ધોરણમાં ભણતો વિદ્યાર્થી હતો. મહેરકાંડ ગામ આવતાં અમોએ રસ્તામાં જ નાસ્તાનો સામાન છોડીને પ્રેમથી પ. પૂ. મા–પ્રભુનાં સ્મરણ સહ નાસ્તો આરોગ્યો. મેં ફરાળી વસ્તુઓ લીધી કારણ કે મારે ઉપવાસ ચાલતા હતા. સર્વે ભાઇઓ સાથે ગાઇડભાઇઓએ પણ નાસ્તો આરોગ્યો. બંને ગાઇડભાઇઓને અમે જ્યારે પણ નાસ્તો કર્યો હતો ત્યારે નાસ્તો આપ્યો જ હતો. માનવતાની દૃષ્ટિએ એ જ ઉચિત છે. આપણી સાથે આવનાર ભાઇઓ ભૂખ્યા રહે અને આપણે નાસ્તો કરી લઇએ તે તો અયોગ્ય અને અવિવેક જ કહેવાય ને? ત્રણ વાગે ફરીથી ચાલવાનું શરૂ કરતાં અમો ઉપર બીજા એક ગામ ટુમરાલકાંડમાં આવી પહોંચ્યા. મહેરકાંડથી તે ૧૫ થી ૨૦ મિનિટના અંતરે જ છે. ત્યાંથી આગળ ચાલતાં અમો સુજાનકાંડ નામના ગામમાં આવી પહોંચ્યા. તે વખતે બપોરના લગભગ સાડાત્રણનો સમય થયો હતો. આ ત્રણેય ગામો એકબીજાની નજીક નજીક આવેલાં છે.

આપણે જાણીએ છીએ તેવાં વ્યવસ્થિત ગામડાં અહીં નથી હોતાં. પહાડોની કેડીઓ પર જ્યાં ઘર બંધાય તેવી વિશાળ સમતલ જગ્યા હોય ત્યાં આ પ્રદેશના લોકો પત્થરોનાં ઘરો બાંધીને રહે છે. તેથી બધાં જ ઘરો એકીસાથે જોવા ના મળે, છૂટાંછવાયાં



બાંધેલાં હોય છે. એક ગામડામાં માંડ ૩૦–૪૦ ઘરો હોય. વ્યવસાયમાં આ લોકો ખેતી અને પશુપાલન મુખ્યત્વે કરે છે. ખેતીમાં પણ સપાટ જમીન તો જોવા મળે જ નહિ. પહાડોનાં ઢોળાવ પર ખેતીલાયક જગ્યા બનાવીને તેમણે ખેતી કરવી પડે છે. દૂરથી જોઇએ તો એમ જ લાગે કે જાણે પહાડ પર ચઢવાના વિશાળ દાદરનાં પગથિયાં બનાવ્યાં ન હોય! અમને જોતાં જ ખ્યાલ આવી ગયો કે અહીંના લોકોનું જીવન ખૂબ જ કષ્ટમય હોવું જોઇએ. ખેતીમાં પણ એ લોકોને ખૂબ જ મહેનત કરવી પડે છે. પાણી પાવા માટે સિંચાઇ યોજના તો ક્યાંથી હોય? તે માટે તેમણે કુદરત પર જ આધાર રાખવો પડે છે. વરસાદનાં પાણીથી જે પાક થાય તે ખરો.

અહીંનાં બાળકોને પૂછતાં મને જાણવા મળ્યું કે તેઓ નજીક આવેલાં તળેટીના બીજાં ગામડામાં ભણવા માટે પણ જાય છે. તે માટે તે બધાંએ જ પગદંડી પર ચાલીને જ જવું પડે. એકથી સાત ધોરણ સુધી ત્યાં ભણી શકે. પછી આઠમા ધોરણથી દસમા સુધી ભણવા માટે દેવપ્રયાગ આવવું પડે.

અમે જેમ જેમ ઉપર ચઢતા ગયા તેમ તેમ પહાડી વિસ્તારમાં ગાયો પણ ચરતી જોવા મળી. અહીંનાં બળદ–ગાયો પણ આવા ચઢાણ અને ઢોળાવવાળા રસ્તાઓ પર ચાલવાને ટેવાયેલાં હોય છે.

અમારી સાથે આવેલા બધા જ સાધક ભાઇઓ યુવાવયના હતા. માત્ર સુરતના શ્રી ચીમનભાઇ જ પ્રૌઢ ઉંમરના હતા. તેમને હવે ચાલવામાં ઘણો જ પરિશ્રમ પડતો હતો. તેમના પગની નસો ખેંચાતી હતી. ટુમરાલકાંડથી જ તેઓ શારીરિક નબળાઇ તથા

અશક્તિનો અનુભવ કરવા માંડયા હતા. છતાં ધીરે ધીરે ચાલતા બાપજી સાથે સુજાતકાંડ આવી પહોંચ્યા. અમો બધાંએ ત્યાં વીસેક મિનિટ જેટલો આરામ કર્યો. ચીમનભાઈ માટે અમે ડોલી કે ખચ્ચરની તપાસ પણ કરી, પરંતુ તે મળી શક્યાં નહિ. એક ભાઈ ટટ્ટુ (ખચ્ચર) લઈને આવવા માટે તૈયાર થયા પણ તેમણે ૨૦૦ રૂા. કહ્યા તેથી અમોને તેનો ભાવ ઘણો જ વધારે પડતો લાગતાં તે વિચાર પડતો મૂક્યો. બધાંએ એક વિચાર એ પણ રજૂ કર્યો કે ચીમનભાઈને અહીં સુમનકાંડમાં જ કોઈને ત્યાં રાખીએ, અહીં તેઓ આપણે પાછા આવીએ ત્યાં સુધી રોકાય અને વળતાં પાછા લઈ લઈશું. પરંતુ બાપજીએ તેનો સ્પષ્ટ વિરોધ કર્યો અને કહ્યું કે, "ચીમનભાઈ, તમો ચિંતા કરશો નહિ, આપણે બંને ધીરે ધીરે ચાલીશું. રસ્તામાં રાત પડી જશે તો રોકાઈ જઈને સવારે ફરીથી ચાલવા માંડીશું. તમારાથી નહિ ચલાય તો મારા ખભા ઉપર તમને ઊંચકીને લઈ જઈશ." આમ કહીને ખરેખર બાપજીએ ચીમનભાઈને ખૂબ જ પ્રોત્સાહિત કર્યા. તેઓ પણ તેથી અમારી સાથે જ આવવા માટે તૈયાર થઈ ગયા. તે માટે બાપજીને અગણીત ધન્યવાદ, તેમની તીક્ષ્ણ બુદ્ધિને વંદન. મારી બાપજી સાથે પાછળથી વ્યક્તિગત વાત થઈ ત્યારે જ તેમણે મને જણાવ્યું કે, "ચીમનભાઈની ઉંમર ૫૨ (બાવન) વર્ષની થઈ ગઈ છે. હવે જીવનમાં ક્યારેય ફરીથી દશરથ પર્વત પર આવી શકે તેમ મને તો નથી લાગતું. અને કદાચ આવે તો ઉંમર તો સમય પ્રમાણે વધશે જ અને તેને પરિણામે શારીરિક થાક, શ્રમ પણ આજના કરતાં વધારે જ અનુભવશે. જેથી આજે દશરથાચલ પર ચઢવું જેટલું શક્ય છે તેટલું પછીનાં સમયે તેમના માટે નહિ જ રહે." તેથી જ



તેમણે ચીમનભાઈને ખાસ પ્રોત્સાહિત કર્યા કે જેથી જીવનનો એક અમૂલ્ય અદ્દભુત લ્હાવો માણવાનો લાભ અડધો ના રહી જાય. અને આશ્ચર્યની વાત તો એ હતી કે ધીમાં ધીમાં પગલે ચીમનભાઈ બાપજી સાથે પાછળ ચાલતા રહ્યા. હું કોઈકવાર તેમની સાથે રહેતો તેથી બાપજી તેમને જે રીતે પ્રોત્સાહિત કરતા હતા તે મારી સ્વનજરે મને જોવા મળ્યું. બાપજી ઘણીવાર કહેતા કે પેલો જે પહાડ દેખાય છે તેની પાછળ જઈશું એટલે દશરથ પર્વત આવી જશે. અમે ધીમે ધીમે ત્યાં પહોંચીએ તો ઉપર બીજો પહાડ ઊભો જ હોય. વળી બાપજી પાછા એ જ શબ્દોને વિવિધ રીતે પુનરાવર્તિત કરે અને ચીમનભાઈને વધારેમાં વધારે ઉત્સાહિત કરે. પરંતુ શરીર જે શ્રમ અનુભવે તેનો થાક–વેદના તો અનુભવાય જ ને? તેથી સુમનકાંડ બાદ ચીમનભાઈની ચાલવાની ગતિ ઘણી જ મંદ પડી ગઈ હતી. દર દશ–પંદર મિનિટે તેમના પગની નસો ખેંચાતી હતી (Neuralgia) તેથી ઊભા રહીને થોડો વિરામ કરતા તે દરમ્યાન બાપજી તેમના પગ પણ દબાવી આપતા. વચમા રસ્તામાં એકવાર બીજા બધા ભાઈઓ અમારા ત્રણની આવવાની રાહ જોતા બેઠા હતા. ત્યાં અમો પહોંચ્યા પછી માધુભાઈ ચૌધરી પોતાની સાથે ધારાસણા નામનું તેલ લઈ આવ્યા હતા તેનાથી તેમણે ચીમનભાઈનાં પગે માલીશ કરી આપ્યું. તેનાથી ચીમનભાઈને ઘણી રાહત થઈ. ત્યાંથી અમોએ ફરીથી પ્રસ્થાન કર્યું. લગભગ ૬૦% જેટલો માર્ગ હવે કપાઈ ગયો હતો. દશરથાચલની તળેટી આવતાં પહેલાં પણ એક પર્વત પર અમે બધા જ ભાઈઓએ વારાફરતી ચીમનભાઈના પગ દબાવી આપ્યા કે માલીશ કરી આપ્યું હતું.

દશરથની તળેટીનાં પર્વત પર અમે પહોંચ્યા ત્યારે સૂરજદેવ અવની પરથી વિદાય લઇ ચૂક્યા હતા. અમે બધા જો ૧૦–૧૫ મિનિટ પણ મોડા પહોંચ્યા હોત તો અંધારામાં આગળ ચાલી જ ના શકત. પ. પૂ. મા–પ્રભુની એટલી અસીમ કૃપા કે અમારે જ્યાં રાત્રિનિવાસ કરવાનો હતો ત્યાં અમે બધા જ સમયસર પહોંચી શક્યા. ખાસ કરીને અમોને ચીમનભાઇની જ ચિંતા થતી હતી. પરંતુ પૂ. મા–પ્રભુની કૃપાથી જ તેઓ પણ સમયસર આવી પહોંચ્યા.


પ્રભુવિણ જે કંઇ અન્ય તે, જાણો સૌ દુ:ખરૂપ;
કાં હમણાં કે કાં પછી, પાડે તે ભવકૂપ. નાથભગવાન્

IS: 10001



ઓ.: ૨૫૬૬૮
ફે.: ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ.: ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨




# મનના દોષ–વિભાજન

મૂળ લેખક : કે. વી. બેલસરે
અનુવાદક : યોગેન્દ્ર પરીખ

ખરું જોતાં માણસ જગતનો અવિભાજ્ય ઘટક છે. જગનું જીવન જેમ ચેતનસ્વરૂપ છે તેમ તે અખંડ પણ છે. પ્રત્યેક માણસનું જીવન એટલે આ અખંડ વહેનારા જીવનપ્રવાહ પરનો તરંગ છે. પરંતુ અહંકારને લીધે માણસમાં વેગળાપણાની ભાવના નિર્માણ થાય છે. આ ભાવનાને લીધે પોતાને અને પોતાના જીવનક્રમને મૂળ પ્રવાહથી સ્વતંત્રપણે વિકસાવે છે. ચેતન-સ્વસ્વરૂપ અખંડ જીવનને માણસનું દોષયુક્ત મન ખંડિત કરે છે. તેથી હું દ્રષ્ટા અને જગ મારું દૃશ્ય એવું વિભાજન કરીને માણસનું મન જગ તરફ વેગળાપણાથી જુએ છે. જગ તરફ વેગળાપણાથી જોનારો હું સમગ્ર જીવનનો એક નાનકડો અંશ કે ભાગ બને છે. પછી તે જીવરૂપે અનુભવનું એક સ્વતંત્ર કેન્દ્ર તૈયાર થાય છે. આવો હુંકેન્દ્રી દૃષ્ટા એટલે અહંકારયુક્ત માણસ–જીવનભર જગતનાં સુખદુ:ખ, યશ–અપયશ, નિંદાસ્તુતિ, રોગ-આરોગ્ય, શીતઉષ્ણ, શુભઅશુભ આશાનિરાશા, સંયોગવિયોગ, સંપત્તિવિપત્તિ, નફાનુકસાન ઇત્યાદિ દ્વન્દ્વના અસંખ્ય અનુભવ ભેગા કરે છે. એના અનુભવનું ક્ષેત્ર ઇન્દ્રિઓએ પહોંચાડેલી માહિતી પૂરતું જ મર્યાદિત હોય છે. તેથી માણસં ઇન્દ્રિઓને આધીન રહે છે અને પાકો બહિર્મુખ બને છે. બહિર્મુખ માણસનું મન સતત બહારના દૃશ્ય જગત સાથે સંપર્ક રાખે છે. તેને લીધે

એ મન દૃશ્ય જગત જેવું સ્થૂળ બની જાય છે. આવા સ્થૂળ મનની અતીન્દ્રિય અનુભવ લેવાની પાત્રતા રહેતી નથી. પછી એ મનને અતિશય સૂક્ષ્મ એવા ઈશ્વરનું દર્શન કરવું કેવી રીતે શક્ય બને? બહિર્મુખ માણસ વિભાજન કર્યા સિવાય જગ તરફ જોઈ જ શકતો નથી, તેથી એક તરફ હું અને બીજી તરફ અન્ય વ્યક્તિ અને વસ્તુ પોતાનાથી જુદાં જોઈને એના બધા વ્યવહાર ચાલે છે. આ અન્યપણાની સભાનતા દ્વૈતની એટલે કે બેપણાની જનની છે.

મૂળમાં આ બેપણાની સભાનતાથી માણસના જીવનના બધા સંબંધો વિકસે છે. બંધન વિના સંબંધ હોઈ શકતો નથી. તેથી સંબંધને લીધે માણસના સ્વાતંત્ર્યને મર્યાદા આવે છે. સંબંધને નિમિત્તે જે વ્યક્તિ સાથે, વસ્તુ સાથે, ઘટના સાથે માણસનો યોગ થાય છે તે બધું ખરું લાગે છે. જે ખરું લાગે તેને જ મન ચોંટે છે. પછી માણસ વ્યક્તિ પાસેથી અને વસ્તુ પાસેથી સુખનો ભોગ મેળવવાની અપેક્ષા રાખે છે. પોતાને જોઈતો ભોગ મેળવી શકાય એટલા માટે માણસ વ્યક્તિને અને વસ્તુને સ્વાધીન રાખવાનો પ્રયત્ન કરે છે. આ પ્રવૃત્તિમાંથી સંચયનું સ્વાર્થીપણું ફૂલે છે. સંચય કરનારો સ્વાર્થી માણસ જગ માત્ર સુખ માટે છે એવી દૃઢ માન્યતાથી જીવે છે. જગ પર સ્વામીત્વ મેળવીએ એટલે જગ પાસેથી સુખ મેળવી શકાય. તેથી માણસ પોતાની જ્ઞાનયંત્રણા જગનું જ્ઞાન સંપાદન કરવા માટે વાપરે છે. જગનું એટલે કે નિસર્ગનું જ્ઞાન થાય એટલે તેના પર સ્વામીત્વ આવે. એ જ પ્રમાણે રાજકીય અને આર્થિક સત્તા હસ્તગત કરી કે સમાજ પર સ્વામીત્વ મેળવી શકાય. તેથી યેન કેન પ્રકારેણ પૈસા અને સત્તા મેળવવા પાછળ માણસ લાગે છે. એમાંથી ઘાતક જીવલેણ સ્પર્ધા



અને કાયમ સંઘર્ષ નિર્માણ થાય છે. અખંડ જીવન ખંડિત કરીને દ્વૈતને જન્મ આપનારું મન ભારે વિલક્ષણ છે. માનવજીવનમાં લિંગ, વય, સ્વભાવ, પ્રકૃતિ, રોગ, વર્ણ, ભાષા અને શરીરને જાળવવાના નૈસર્ગિક ભેદ આપણે સમજી શકીએ છીએ. પણ માણસનું મન જાતિ, ધંધો, સામાજિક દરજ્જો, સંપત્તિ, અધિકાર, રાજકીય પક્ષના, ધર્મના, પંથોના, પ્રાંતોના મતોના વગેરે ભેદ નિર્માણ કરે છે. એ નિર્માણ કરીને માણસ જ મોટી સમસ્યાઓને જન્મ આપે છે. એ કેમે કરીને છૂટતી નથી અને માણસને શાંતિથી, સ્વસ્થતાથી જીવવા દેતી નથી. તેનું શું કરીએ? એ જ રીતે વિજ્ઞાને આપેલી સુખસગવડની ટેવ પડવાને લીધે માણસ તેને આધીન રહે છે. પછી તે નૈસર્ગિક અને અકૃત્રિમ જીવન જીવવાનું સ્વાતંત્ર્ય ગુમાવે છે. નિસર્ગના સહવાસમાં સહજપણે જીવવાની સ્વાભાવિક આનંદ મેળવવાની શક્તિ માણસમાં રહેતી નથી. વૃક્ષ અને વેલ, પશુ અને પક્ષી દ્વારા ડોકાતો ઈશ્વર તેને દેખાતો જ નથી.

### મનના દોષ – પૂરાં ન થતાં કામો

જીવનને વિભાજીત કરનારું મન માનવી–જીવનનો સમગ્રપણે વિચાર કરી શકતું નથી. ઉદાહરણાર્થ માણસને સંસારમાંથી મળતું દેહસુખ તો જોઈએ છે. પણ તેની સાથે આવતી માથાકૂટ અને અગવડ નથી જોઈતી. માણસને મોટાઈની અને પદપ્રતિષ્ઠાની હોંશ થાય છે. પણ તેની પાછળ આવનારી લોકનિંદા જોઈતી નથી. માણસને સત્તાનો શોખ થાય છે. પણ સત્તાની સાથે આવનારી જવાબદારી, તેની સાથે આવનારું અકારણ ગુપ્ત શત્રુત્વ અને પદચ્યુત થવાનો ભય નથી જોઈતો. માણસને અકાળ મૃત્યુ

નથી જોઈતું. તેને દીર્ઘાયુ થવાનો લાભ ગમે છે. પરંતુ દીર્ઘાયુષ્ય સાથે આવનારાં શારીરિક દુ:ખો, વિકલાંગપણું, સ્મૃતિભ્રંશ અને પ્રિયજનોનો વિયોગ માત્ર એને જોઈતો નથી. તે જ પ્રમાણે ઈશ્વરદર્શન માણસને થાય અને સમાધાન મળે એવું મનના ઊંડાણમાં લાગે છે. પરંતુ તેને માટે અનાસક્ત અને નિ:સ્વાર્થી તથા નિષ્કામ પ્રેમ કરનારું મન સિદ્ધ કરવું જોઈએ. એ તૈયાર કરવાની સાધના માણસને નથી જોઈતી. આનો અર્થ એ થયો કે માણસનું મન જે વિચાર કરે છે તેના મૂળમાં જ દોષ છે. દોષયુક્ત વિચારોનું મૂળ માણસની વાસનામાં મળે છે. પ્રત્યેક માણસને વાસના હોય છે. આમ તો માણસ એટલે વાસનાનું મોટું પોટલું જ છે. આપણને કાંઈક જોઈએ છે અને તે મેળવ્યા વિના આપણે સુખી નહિ થઈએ. એમ જે મનને લાગે છે તે વાસના, અહંકારથી મન સીમિત થાય છે. સીમિત મન અપૂર્ણ બને છે. એ અપૂર્ણપણાની સભાનતા વાસનાના રૂપે પ્રગટ થાય છે. વાસનાં માણસને સ્વસ્થ બેસવા દેતી નથી. આપણે આજે છીએ તેનાથી જુદા હોવાની એટલે કે આપણી પરિસ્થિતિ બદલવાની મનની પ્રવૃત્તિ એ વાસનાનું દૃશ્ય સ્વરૂપ સમજવું. વાસના એ જ માણસના કર્મનું, પ્રયત્નોનું અને મથામણનું મૂળ કારણ છે. વાસના તૃપ્ત કરવા માટે માણસ મથામણ કરે છે ખરો. પણ વાસનાનો સ્વભાવ એવો છે કે મનનું ધાર્યું થાય તો ય વાસના શાંત થતી નથી. હજુ જોઈએ, હજુ જોઈએ એ કદી પૂરું થતું નથી, તેથી મનનું ધાર્યું થાય અને મનનું ધાર્યું ન થાય તો ય વાસના કાંઈ શાંત થતી નથી. વાસનાના આ સ્વભાવને લીધે માણસને સતત અસમાધાન રહે છે.



અસમાધાન મનમાં કંપન નિર્માણ કરે છે. તેથી મનનું સંતુલન બગડે છે. અસ્થિર મન પર કાળનું સ્વામિત્વ ચાલે છે. વાસ્તવિક કાળ અખંડપણે વહે છે. વાસના તેનું વિભાજન ત્રિકાળમાં કરે છે. વાસનાની તૃપ્તિ થાય એટલા માટે કર્મ કરતી વખતે ભૂતકાળનો સંદર્ભ છૂટતો નથી. વળી કર્મનું ફળ મળે તેની ખાત્રી હોતી નથી, તેથી ભવિષ્યમાં શું બનવાનું છે. તેની જિજ્ઞાસા પૂરી થતી નથી. એ જિજ્ઞાસા ચિંતાના રૂપમાં પ્રત્યક્ષ સાકાર થાય છે. ભૂતકાળની પાર્શ્વભૂમિ અને ભવિષ્યની ચિંતાની જોડીને વર્તમાનકાળની મર્યાદા હોય છે. વાસના તૃપ્ત કરવા માટે જે કર્મ કરવાનું છે તેને પોતાની પ્રકૃતિ, સ્વભાવ, સાધનસામગ્રી, સ્થળ, પરિસ્થિતિ અને અનુકૂળ કાળની મર્યાદા હોય છે. તેથી કર્મ કરનારા માણસનું મન ભૂતકાળની સ્મૃતિ અને ભવિષ્યકાળની ચિંતાની ભૂતાવળમાં જેમતેમ કરીને વર્તમાનના કર્મ તરફ ધ્યાન આપે છે. સુખની ક્ષણ વર્તમાનમાં ભોગવવાની હોય છે. એ માણસને ભાગે બહુ ઓછા પ્રમાણમાં આવે છે. અર્થાત્ તેની તૃપ્તિ જરાય થતી નથી. સુખની અતૃપ્તિને લીધે માણસના કર્મ કરવામાં કદી પણ વિરામ આવતો નથી, આવતી કાલે હું પૂર્ણ સુખી થઈશ એવી ખોટી આશાએ માણસ છેલ્લે સુધી કર્મ કર્યા કરે છે, કર્મ કરવાની શક્તિ ક્ષીણ થાય એટલે પછી માણસનું વર્તમાન કાળનું જીવન અતૃપ્ત, નીરસ અને કંટાળા ભરેલું બને છે. આવી અતૃપ્ત અવસ્થામાં એ ન છૂટકે મૃત્યુને આધીન થાય છે. જીવવા માટે કર્મ કરવાં જરૂરી છે. પરંતુ કર્મ કરીને મનનું સમાધાન થશે અને ઈશ્વરનું દર્શન થશે એ ભ્રમ મન નિર્માણ કરે છે.

(ક્રમશ:)

# પ્રત્યાહાર

મણિભાઈ શાહ

પ્રત્યાહાર યોગનું પાંચમું અંગ છે. પ્રાણાયામદ્વારા મન થોડું સબળ બને પછી પ્રત્યાહારનો અભ્યાસ કરવાનો હોય છે. પ્રાણાયામની સાથે સાથે પણ પ્રત્યાહાર થઇ શકે છે. પરંતુ યોગના પ્રથમ ચાર અંગોનો અભ્યાસ કર્યો હોય તો પ્રત્યાહાર સહેલો પડે.

## પ્રત્યાહારનો અર્થ

ઇન્દ્રિયાણિ ચરંતી વિષયેષુ સ્વભાવતઃ ।
યત્નાત્ આહરણં તેષાં પ્રત્યાહારો નિગદ્યતે ॥

ઇન્દ્રિયો સ્વભાવથી જ વિષયોમાં વિચરે છે તેમને યત્નપૂર્વક વિષયોમાંથી નિવૃત્ત કરવી તેનું નામ પ્રત્યાહાર.

અર્થાત્ પ્રત્યાહાર જ્ઞાનેન્દ્રિયો, કર્મેન્દ્રિયો અને મનને વશ કરવાની યૌગિક ક્રિયા છે.

કોઇને અહીં પ્રશ્ન થાય કે તો પછી ઇન્દ્રિયોએ કોઇ પણ પ્રકારનો વિષયભોગ કરવો જ નહિને?

ના, એવું નથી. આરોગ્યને હાનિકારક વિષયો છોડી દેવા જોઇએ. તે તરફ ઇન્દ્રિયો વળી જાય તો તેમને પાછી વાળવી જોઇએ પરંતુ આરોગ્યને હિતકર ભોગ કરવામાં દોષ નથી. ભોગો જીવન અર્થે સ્વાભાવિક રીતે કરવામાં આવે અને હિતકર ભોગોમાં પણ સંયમ હોય અને ભોગમાં વિષયભાન ન હોય એ જરૂરી છે.



પ્રત્યાહારની મૂળ વાત કર્મેન્દ્રિયો, જ્ઞાનેન્દ્રિયો અને મનની ઉપર સંપૂર્ણપણે કાબૂ કરવાનો છે. એમને એવી રીતે વશ કરવાના છે કે સાધકની ઇચ્છા પ્રમાણે ઇન્દ્રિય–મન વર્તે. ત્યારે જ ઇન્દ્રિયમન ઉપર કાબૂ આવ્યો કહેવાય. સારા વિષયમાં પણ ઇન્દ્રિયોને વિચરવા દેવી કે નહીં તે પણ સાધકની ઇચ્છા પર નિર્ભર રહે. સાધક ન ઇચ્છે ત્યાં સુધી વિષયસુખની ઇચ્છા, પછી તે સારી કે નરસી હોય તોપણ સાધક તે ઇચ્છાને મનમાં સમાહિત રાખે.

કાચબો જેમ પોતાના અંગોને બહાર કાઢવા ઇચ્છે ત્યારે જ કાઢે છે તેમ સાધક પોતાના મન અને ઇન્દ્રિયોને પ્રવર્તવા દેવા હોય ત્યારે જ પ્રવર્તવા દે. મનને મનમાં જ રાખવું એને જ પ્રત્યાહાર કહેવાય. મન અને ઇન્દ્રિયોના બાહ્યવિષયના સંપર્ક ઉપર યોગીનો સંપૂર્ણ કાબૂ હોય. મને અને ઇન્દ્રિયોના વિષય સાથેના જોડાણો યોગી ઇચ્છે ત્યારે જોડી શકે ને ઇચ્છે ત્યારે તોડી શકે ત્યારે પ્રત્યાહાર સિદ્ધ થયો ગણાય. પોતાના હાથે ઇલેક્ટ્રીકની સ્વીચ ઓન ઓફ કરવાની એ સાધના છે.

આટલું જે સાધક કરી શકે તેણે યોગનો અર્ધો પંથ કાપી નાંખ્યો ગણાય.

મન ઇન્દ્રિયોને જીત્યા વિના યોગ સિદ્ધ થતો નથી. તેથી એમ કહેવામાં આવ્યું છે કે–

ઇન્દ્રિયાણ્ય વશીકૃત્ય યસ્તુ યોગં સમભ્યસેત્ ।
ભિન્ન ભાંડાવત્તસ્ય યોગઃ ક્ષરંતિ સતતમ્ ॥

ઇન્દ્રિયોને જીત્યા વિના જે અભ્યાસ કરે છે તેને કાણા પાત્રમાંથી પાણી જેમ સ્રવી જાય છે તેમ યોગ નિરંતર સ્રવી જાય

છે તેથી કર્મેન્દ્રિયો, જ્ઞાનેન્દ્રિયોને વશ કરવા માટે પ્રત્યાહારની સાધના છે.

પ્રત્યાહાર સિદ્ધ થતાં મનની પ્રસન્નતા વધે, સંયમ વધે, અને ચિત્તની એકાગ્રતા પણ વધે અને એકાગ્રતા વધે એટલે ધારણા કરવાની યોગ્યતા પણ વધે.

ખરું તો મન જ બધી મુશ્કેલીનું કારણ છે. એકવાર મનને ઓળખી લીધું પછી મન ઉપરનો કાબૂ સહેલો બને છે. મન જ જો વશ ન હોય તો ઇંદ્રિયો કેવી રીતે વશ થશે? તેથી સાધકે પહેલાં પોતાના મનને જાણવું જરૂરી છે. તે માટે પોતાના મનની તાસીર જાણવી જોઇએ, એનો અભ્યાસ કરવા માટે–

એક તો શાંતિથી થોડી વાર બેસી રહેવું ને બીજું, મન ક્યાં ક્યાં જાય છે તેનું નિરીક્ષણ કરવું અને મનની પ્રવૃત્તિઓની નોંધી રાખવી. એકવાર એની ચાલચલગત હાથ આવી જાય પછી એને ભટકતું રોકવાનું સરળ પડશે અને મનની ચંચળતા ધીરે ધીરે ઓછી થતી જશે. પરંતુ ધીરજપૂર્વક સતત ને લાંબા સમય સુધી અભ્યાસ કરવો જોઇએ.

યોગાભ્યાસીએ એટલું સતત ખ્યાલમાં રાખવું જોઇએ કે મનનો તે પોતે સારથિ છે અને મન તેને અનુગત રહેવું જોઇએ. મનની લગામ સાધકના હાથમાં રહેવી જોઇએ, તે મનનો દોરાયો ન દોરાય. ટૂંકમાં સાધક મનને 'ચૂપ' કરે ત્યારે તે તદ્દન મૂંગું રહે અને પ્રવૃત્તિ કરવાની આજ્ઞા આપે ત્યારે જ તે બોલે કે ચાલે. મન ઉપર એટલો કાબૂ આવે ત્યારે એને જ્યાં લગાડવું હોય ત્યાં લગાડી શકાય અને ધારણા સહજ બને. □



# રામકથા

( ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

સવારે રાવણ નિત્યકર્મમાંથી નિવૃત્ત થઇને સૌથી પહેલાં મંદોદરી પાસે આવી પહોંચ્યો ને પૂછવા લાગ્યો, 'સીતાની મુલાકાત લીધી કે નહિ?'

મંદોદરીએ વિચારોની પરંપરામાંથી જાગીને શાંતિપૂર્વક સંક્ષેપમાં ઉત્તર આપ્યો, 'કાલે એને મળવા માટે અશોકવાટિકામાં ગઇ હતી.'

'મને એ સમાચાર મળી ચૂક્યા છે.' રાવણ જરા ઉત્સાહમાં આવીને બોલી ઉઠયો. 'તું તેને મળી તે ઘણું જ સારું થયું. તેં જોયુંને એ કેટલી બધી સુંદર છે? એવી સુંદરતા ત્રિભુવનમાં કોઇપણ ઠેકાણે છે ખરી? મેં તો નથી જોઇ. સીતા સંસારમાં અત્યારે સૌથી વધારે સુંદર છે અને હું સૌથી વધારે બુદ્ધિમાન તથા શક્તિશાળી છું. એની પ્રાપ્તિ જો મને થઇ જાય તો કેટલો સુંદર અને અસાધારણ સમન્વય થાય? હવે તો તારી ખાતરી થઇ ચૂકી હશે કે સીતા રામને માટે કે બીજા કોઇને માટે નહિ પણ મારે માટે જ નિર્મિત થઇ છે. એટલે તો રામની પાસે એને મોકલીને કરેલી પોતાની ભૂલને વિધાતાએ એને ફરી મારી પાસે મોકલીને સુધારી લીધી. તેં એની મોહકતાને તથા સુંદરતાને બરાબર જોઇ તો ખરીને?'

મંદોદરી બોલી, 'હું એની મોહકતાને તથા સુંદરતાને અથવા બાહ્યસ્વરૂપને જોવા માટે ન હતી ગઇ. હું તો એનો પરિચય પ્રાપ્ત કરવા અને એના અંતરમાં ડોકિયું કરવા ગયેલી.'

'અંતરમાં ડોકિયું કરવા?'

'હા, મારી ઇચ્છા એજ હતી, અને એ ઇચ્છા પૂરી થઇ. એના વિચારો ને ભાવોના પરિચય કરવાનું મારે માટે શક્ય બન્યું. એને હું મારું પરમ

સૌભાગ્ય માનું છું. એની સાથે પસાર કરેલી પળો મારા જીવનની સૌથી વધારે કીમતી પળો હતી. એ પળોને હું જીવનભર નહિ ભૂલી શકું.'

'ત્યારે તો તું એનાથી ખૂબ જ પ્રભાવિત થઇ ગઇ લાગે છે. તારા શબ્દો પરથી તો એવું જ અનુમાન થઇ શકે છે.'

'પ્રેમની એ પવિત્ર દેવીથી કોણ પ્રભાવિત ના થાય? કોઇક જડ હૃદય જ એની આશીર્વાદરૂપ અસરથી અલિપ્ત રહેતું હશે. એટલે મારા પર એનો પ્રભાવ પડે અને મારા અંતરમાં એને માટે આદરભાવ અથવા અનુરાગનો આવિર્ભાવ થાય એ છેક સ્વાભાવિક છે.'

'તો પછી તેં એના બાહ્યસ્વરૂપનું, એના રસ ઝરતા, મધુમઢેલા, સુંદરતાના સદનસરખા શરીરનું ધારી ધારીને નિરીક્ષણ કર્યું જ નહિ?'

'કર્યું. નિરીક્ષણ કરવા તો ગઇ'તી એટલે નિરીક્ષણ ના કરું? મેં સીતાની લોકોત્તર અદ્ભુત સુંદરતા તો જોઇ, એની મોહકતા તથા મધુરતા પણ જોઇ, પરંતુ એને જોઇને મારા હૈયામાં હર્ષ નહિ પરંતુ શોક છવાયો. સુખ અને સંતોષની નહિ પરંતુ દુઃખ અને અસંતોષની ઊર્મિ ફરી વળી.'

'કારણ?'

'કારણ તમેં નહિ સમજો. છતાં પણ સમજવાનો પ્રયાસ કરશો તો સહેલાઇથી સમજી શકશો. એનું કારણ એકમાત્ર તમે જ છો.'

'હું?' રાવણે લૂખું હાસ્ય કર્યું.

'હા. તમે.' મંદોદરીએ સહેજ પણ સંકોચ વિના કહેવા માંડયું, 'તમે એ સ્નેહ, શુચિતા અને સુંદરતાની મૂર્તિની આટલે દૂર અશોકવાટિકામાં લાવીને કેવી દુર્દશા કરી નાંખી છે એ મેં જોઇ લીધું અને એના વિચારથી મારું કાળજુ કંપી ઉઠયું.'

'મારો ઉદ્દેશ તો સીતાને સુખી કરવાનો અને એના સહકારથી સુખી થવાનો છે. એ ઉદ્દેશથી પ્રેરાઇને જ હું એને અહીં લઇ આવ્યો છું.'

'તમારી માન્યતા ભલે એવી હોય, પરંતુ આજે તો એ અત્યંત દુઃખી છે



એ એક હકીકત છે. મારી આંખમાં એને જોઇને આંસુ આવી ગયાં. વનમાં નિર્ભયતા ને નિશ્ચિતતાથી વિહરનારી એક મૃગલીને તમે પારધિ બનીને બળજબરીથી લઇ આવ્યા છો. એક કપિલા ગાય સિંહના પંજામાં પડી છે, એવો ભાવ મારા મનમાં એને જોઇને ઉત્પન્ન થયા વિના ના રહ્યો.'

રાવણે ખડખડાટ હસીને કહેવા માંડયું, 'વનમાં વિહરતા નિર્દોષ સુવર્ણ મૃગને પકડીને કે મારીને એના સુંદર ચર્મની કંચુકી કરાવવાની સીતાની આકાંક્ષા હતી. રામ એ આકાંક્ષાને પૂરી કરવાનો નિરધાર કરીને મૃગની પાછળ પડયા. એમના જેવા ધર્મપરાયણ કહેવાતા પુરુષને એ છાજતું હતું? એ મૃગને હણવા તો ગયા પરંતુ એના પરિણામે સીતાને ખોઇ બેઠા. વિધાતાએ એમના દુષ્કર્મનો દંડ આપ્યો. એમાં હું શું કરું? સીતાને તું નિર્દોષ માને છે પરંતુ સુવર્ણમૃગ તો વનમાં કેવળ વિહાર કરતં'તું. એ વધારે નિર્દોષ હતું.'

મંદોદરીએ એનો ઉત્તર આપ્યા વિના કહ્યું, 'સીતાનું હરણ કરીને તમે એને તો દુઃખી કરી છે પણ સાથે સાથે રામને પણ દુઃખી કર્યા છે. એનું અંતર કેટલું બધું વલોપાત કરે છે તેની તમને ખબર છે?'

'રામનો વિયોગ તાજો છે એટલે એ વલોપાત કર્યા કરશે, પરંતુ પછી એનું મન માની જશે, અને એ લંકાના ભોગવિલાસમાં ભળીને સુખાનુભવ કરશે.'

'બિલકુલ નહિ, કદાપિ નહિ. સીતા એવું નહિ કરી શકે. એ રડીને, કકળીને, ભૂખે રહીને, અનિદ્રા વેઠીને તથા સંકટ સહીને મરી જશે તોપણ તમને તાબે નહિ થાય. મારો એવો વિશ્વાસ છે. એને મળ્યા પછી મને એવી ખાતરી થઇ ચૂકી છે. માટે મિથ્યા ભાવો અને વિચારોમાં ના રમતા અને મિથ્યા યોજનાઓ પણ ના ઘડતા. તમારી કામુકતાથી પ્રેરાઇને કરાયેલી બધી જ કલ્પનાઓ, વિચારણાઓ ને યોજનાઓ ભાંગીને ભૂક્કો બની જશે, એ યાદ રાખજો. એને યંત્રણા આપીને તમે ખૂબ જ મોટું પાપકર્મ કરી રહ્યા છો. હજુ પણ સમજો અને એ પાપકર્મમાંથી પાછા વળો.'

રાવણ બોલ્યો, 'તું મને પાપકર્મની યાદ આપે છે, પરંતુ મારાથી કદી પાપકર્મની પ્રવૃત્તિ થતી જ નથી. પાપ અને પુણ્યનો અથવા સત્કર્મ અને દુષ્કર્મનો વિવેક જો કરી શકતી હોય તો તું જ કહે મારી બેન શૂર્પણખાનાં નાક તથા કાન કાપવામાં કયી જાતનું સત્કર્મ કે પુણ્ય સમાયેલું હતું? એમાં કયી જાતની વીરતા કે મહાનતા હતી? પણ તને તો રામનું એ અધર્મ કર્મ પણ ઉત્તમ દેખાશે, એમાં વીરતા કે મહાનતા લાગશે, ને મારા ઉત્તમ કર્મને પણ તારી બુદ્ધિ અધમ માનશે. ઘરના યોગીની કીમત ઘરવાળાને નથી હોતી, એ બહારના યોગીની જ પ્રશસ્તિ ને પૂજા કરે છે, એ ઉક્તિ હવે સાચી ઠરે છે. શૂર્પણખાની સાથેના દુર્વ્યવહારનો બદલો લેવા મેં સીતાના નાકકાન તો નથી કાપ્યાં? એટલો તો હું સારો છું ને?

મંદોદરીને એ સંબંધી વધારે દલીલોમાં ઉતરવાનું ઉચિત ના લાગ્યું એટલે એ વિષયને કોરે રાખીને એણે કહ્યું, 'તમે સારા છો પરંતુ હજુ વધારે સારા બનો એવી આશા રાખું છું. શૂર્પણખાનું વેર વાળવા માટે પણ જો તમે સીતાનું હરણ કરી લાવ્યા હો તો તે બરાબર નથી. તમારામાં બળ છે, બુદ્ધિ છે, સત્તા છે, તપ છે, તથા સાધારણ પુરુષોના ભાગ્યમાં ના હોય એવું સર્વ કાંઈ છે, એની ના નથી. ફક્ત તેમનો સદુપયોગ કરીને બીજાને માટે આતંકરૂપ બનવાને બદલે આશીર્વાદરૂપ બનો, કાળસ્વરૂપ થવાને બદલે જીવનરૂપ બનો, અને વિષ વરસાવવાને બદલે અમૃતની લહાણ ધરો, એવું ઈચ્છું. મને તમારે માટે ખૂબ જ માન છે. તમારી પત્ની બનવા બદલ હું મારા મનમાં ગૌરવ ધારું છું. એ માન તેમ જ ગૌરવના ભાવને થોડાક વધારે વિશાળ, ઉદાર ક્ષમાશીલ અને સત્કર્મી તથા ધર્મપરાયણ બનીને સાર્થક કરો. બહુ મોડું થાય તે પહેલાં સમજી જાવ ને મારી શિખામણ તથા પ્રાર્થના લક્ષમાં લો. સીતાને માટે તમારા પગમાં પડીને દયાની ભિક્ષા માગું છું. તમે એને છોડી દો. એને માટે જેવો કહેશો તેવો ભોગ આપવા તૈયાર છું.'

( ક્રમશઃ )

## * કવિ ને કવિતા *

લોકો મને કવિ કહે છે, પણ તેમને ખબર નથી કે સાચો કવિ તો બીજો જ છે. હું તો કેવળ વાંસળી છું, ને તે છે વગાડનારો. તેના સ્વર ઘણા જ સૂરીલા, શાંતિભર્યા ને રસાળ છે. પણ લોકોને તેની ખબર નથી. અરે, ભલભલા પંડિતો અને ભેદપારખુને પણ ખબર નથી.

આપણી કવિતા કોઈ શબ્દોનો સંગ્રહ નથી. કલ્પનાની કલા કે લેખનનો મીઠો વ્યવસાય પણ નથી. તે તો સાધના છે. તને (પ્રભુને) અને મને એક કરનારી સ્નેહસાંકળની કડી છે. જ્યારે તારી ઈચ્છા હોય છે ત્યારે જ તે પ્રકટે છે, ને તું આલાપે ત્યારે જ આલાપમાં અવતરે છે.

માટે જ જે મને કવિ કહે છે તેને મારે કહેવું પડે છે કે સાચો કવિ હું નહિ પણ તું છે. તેમને ભલે ખબર ના હોય, તોપણ તું છે. મારી ને સમસ્ત સંસારની કમનીય કવિતાને કરનાર કેવળ તું જ છે.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

# * જીવનયાત્રા *

પર્વતના પંથની પેઠે જીવનનો પંથ પણ સદાને માટે સરળ, સીધો ને સાફ હોય છે એમ નથી. પર્વતના સાધારણ પંથ કરતાં જીવનનો પંથ વધારે જટિલ ને રહસ્યમય હોય છે. તેના પર સફળતાપૂર્વક પ્રવાસ કરવાનું કામ અજાણ્યા માણસને માટે મુશ્કેલ છે. કોક ઠેકાણે ચઢાઇ તો કોક ઠેકાણે ઉતરાઇ પરથી ચાલવું પડે છે. છાયા ને તાપના મિશ્રિત અનુભવમાંથી પસાર થવું પડે છે. પરિણામે કોઈવાર હર્ષ તો કોઈવાર શોકની છાયા તેનાં હૃદયમાં ફરી વળે છે. કોઇવાર મધુર તો કોઇ વાર કટુ ભાવનો અનુભવ કરતી ને કોઇવાર રાગ તો કોઇવાર દ્વેષની અસર નીચે આવતી તેની જીવનયાત્રા આગળ ને આગળ ચાલ્યા કરે છે.

અનેકવિધ દૃશ્યોવાળી ને કડવા–મીઠા અનુભવથી ભરેલી એ જીવનયાત્રામાં આગળ વધનારા વિવેકી પુરુષે બધી દશામાં વિવેક-ની જ્યોતિને જાગ્રત રાખતાં શીખી લેવાનું છે. તેની મદદથી પ્રતિકૂળ અને અનુકૂળ બધા પ્રકારની પરિસ્થિતિમાં ચિત્તની સ્થિરતા ને શાંતિ જાળવી રાખવાની છે. બહારના આઘાત પ્રત્યાઘાતથી પર રહેવાની કળામાં પારંગત થવાનું છે. સંસારમાં રહેવા છતાં તેનાથી અલિપ્ત રહીને આત્મોન્નતિના ઉદ્દેશને નજર સામે રાખીને તેની સિદ્ધિ માટે મહેનત કરવાની છે. સુખ આપે કે દુઃખ આપે, હર્ષ ઉત્પન્ન થાય કે શોક ને સ્તુતિના પ્રસંગ ઊભા થાય કે નિંદાના, બધે વખતે તટસ્થ રહેવાની તાલીમ મેળવી લેવાની છે. પ્રારબ્ધ પ્રમાણે પ્રભુ તેને જે દશામાં રાખે તેમાં આનંદ માનતા શીખવાનું છે.

શ્રી યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાન:–પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.
રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર–૧.